રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## લોકતીર્થ- લોકભારતીની ૭૦ વર્ષનાં ભરોસા-તપશ્ચર્યાનું અમૃતફળ



ઋષિવર્ય સ્થાપક દાદાઓનું થયેલું ઋણભાવપૂર્વકનું તર્પણ





## ‘ માનસ-લોકભારતી ’ રામકથા

તા. ૩૦-૧૨-૨૦૨૩, શનિવારથી તા. ૦૭-૦૧-૨૦૨૪ રવિવાર

વર્ષ: ૭૭ અંક : ૦૭ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪


# રામકથા દરમિયાન મહાનુભાવોએ અનુભવેલી ધન્યતા




ઉદ્‌ઘોષક : શ્રી નીતિનભાઈ વડગામા



મનોરથી : વિનમ્રતાની મૂર્તિ હર્ષાબા ગોહિલ અને પુત્રો




આવકાર : શ્રી રઘુવીરભાઈ ચૌધરી




શ્રી અરુણભાઈ દવે




શ્રી ગોવિંદભાઈ ધોળકિયા




શ્રી જયભાઈ વસાવડા





શ્રી પંકજભાઈ શુકલ




શ્રી ભદ્રાયુભાઈ વચ્છરાજાની




શ્રી પ્રફુલભાઈ પાનસુરિયા



શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી



મનોરથી પરિવાર પ્રત્યેની ભાવાત્મક કૃતજ્ઞતા




શ્રી હસમુખભાઈ દેવમુરારિ

## રામકથા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલ એકોક્તિઓ...


શબરી : માધવી શેખ


કૈકેયી : અજંલિ પરમાર


કેવટ : ધવલ લૂણી


ઊર્મિલા : ક્રિષ્ના હેલૈયા


જટાયુ : ચિંતન સાંબડ


વાલ્મીકિ : દિવ્યેશ ડાભી


વિભીષણ : પાર્થ મકવાણા


પાત્રાલેખન : શ્રી વિશાલભાઈ જોશી


ખિસકોલી : પાર્થવી લીમ્બાસિયા





# રામકથા દરમિયાન યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝલક




નાટક : પરિત્રાણ





ભજન સંધ્યા : હાર્દિક દવે






વિદ્યાર્થી સાંસ્કૃતિક કાર્યક્રમ

# કોડિયું

વર્ષ : ૭૭ ફેબ્રુઆરી : ૨૦૨૪ અંક : ૦૭

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૦૧ | લોકભારતીમાં વ્યાસપીઠ<br>રઘુવીરભાઈ ચૌધરી | ...૦૭ |
| ૦૨ | બાપુની અમૃતકથા<br>જય વસાવડા | ...૦૯ |
| ૦૩ | કથા... લોકશિક્ષણનો ઉત્સવ<br>માધવ રામાનુજ | ...૧૦ |
| ૦૪ | મોરારિબાપુની માઈલસ્ટોન સર્જતી રામકથા<br>કૌશિક મહેતા | ...૧૨ |
| ૦૫ | શિક્ષણસંસ્થામાં રામકથા<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૧૪ |
| ૦૬ | લોકભારતીને આંગણે વિદ્યાપીઠ અને વ્યાસપીઠનો સંગમ<br>નીતિન વડગામા | ...૧૭ |
| ૦૭ | પોથી દિવેલથી લોકભારતીની વાટ સંકોરણ...<br>તખુભાઈ સાંડસુર | ...૨૦ |
| ૦૮ | જિંદગી રિયાજનો મોકો આપતી નથી<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૨૨ |
| ૦૯ | લોકભારતીની અપૂર્વ ઘટના : રામકથા<br>મનસુખ સલ્લા | ...૨૬ |
| ૧૦ | લોકભારતીના ચાર માનવીય આધારસ્તંભ<br>ભદ્રાયુ વછરાજાની | ...૨૭ |
| ૧૧ | તલગાજરડા<br>યોગેશ ભટ્ટ | ...૩૦ |
| ૧૨ | ગાંધીજી, રામનામ અને રામરાજ્ય<br>સોનલ પરીખ | ...૩૨ |
| ૧૩ | એકોક્તિલેખન એક અવિસ્મરણીય અનુભવ<br>વિશાલ જોશી | ...૩૫ |
| ૧૪ | માનસ-લોકભારતી<br>તુષાર શુક્લ | ...૩૬ |
| ૧૫ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૩૭ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### ભવ્યભરોસો જ્યારે દિવ્યભરોસો બન્યો...

એકઝુપિયર નામનાં સંતે કહ્યું છે કે ''જ્યારે દુનિયાના કોઈપણ ખૂણામાં એક પણ વ્યકિત પૂરી તીવ્રતાથી સળગે ત્યારે તે આખા વિશ્વને પ્રકાશિત કરે છે.'' પૂ. બાપુ જે તીવ્રતાથી રામકથાની ધૂણીને ધખાવી રાખી છે એની હૂંફમાં લોકભારતી નવ દિવસ બેઠી અને નવી ચેતના સાથે 'બેઠ' થઈ.

લોકભારતીએ હવે ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો મેળવીને સ્વતંત્ર-મૌલિક શિક્ષણ પ્રણાલીને સમયના સથવારે અને સમાજની વ્યાજબી/વાજબી જરૂરિયાતના આધારે વિકસાવવાની જરૂરિયાત છે તેવું પાકું જણાતા અમે જંપલાવ્યું. પડકારો ઘણા હતા અને છે. સૌથી મોટો પડકાર-મૂંઝવણ આર્થિક જરૂરિયાતનો હતો. નિસ્વાર્થભાવે થતાં સેવાકાર્યમાં ઈશ્વરી મદદ મળી રહે છે તે વર્ષોનો ભરોસો સમય પાકતા સાચો પડ્યો! પૂ.બાપુએ હૂંફ, હિંમત અને હરખ સાથે 'રામકથા'ની જાહેરાત કરી અમને રોમાંચિત કરી મૂકયા. પૂ. બાપુએ એ જાહેરાત સમયે જ કહેલું કે ''આર્થિક મદદ જે મળે તે પણ લોકભારતી એ 'લોકતીર્થ' છે તેનો મારે વિશ્વને પરિચય કરાવવો છે.''

બાકીનો ઘટનાક્રમ જગજાહેર છે, સ્વપ્નબની ચૂકેલી કથાએ સમગ્ર લોકદક્ષિણામૂર્તિના મૂલ્યનિષ્ઠ વિચારોને સમાજમાં ધરબી દઈને અખૂટ ઊર્જા ભરી દીધી. સંઘેડા ઉતાર વ્યવસ્થાપન, વિવેકપૂર્વકની સેવા, પ્રેમાળ આતિથ્ય, લોકભારતીના સ્વચ્છ-સુઘડ ભાવવરણ, સ્વાદિષ્ટ ભોજન, સમગ્ર પરિવારની અથાક ફરજ બજવણી અને બે કાંઠે ઘોડાપૂરે શ્લોકને લોકબોલીમાં વહેવડાવનાર પૂ. બાપુએ 'માનસ લોકભારતી'ને ખરા અર્થમાં વિશ્વભારતી બનાવી દીધી. સ્થાપક દાદાઓનો તલસ્પર્શી અભ્યાસ કરીને પૂ. બાપુએ આ ઋષિવર્યોની તપોભૂમિને જે પાવન કરી છે એ તો અમૃતવર્ષા જ ગણવી રહી. દાદાઓનું આથી મોટું ક્યારેય તર્પણ થયું નથી અને કદાચ હવે થશે પણ નહીં. આ તો એક ઇતિહાસ રચાઈ ગયો.

નાના-મોટા સૌ કોઈ કે જેમણે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કથાને માણી છે તે સૌએ અત્યંત ભાવપૂર્ણ રાજીપો વ્યકત કરીને પોતાની લોકભારતી અને પૂ. બાપુ પ્રત્યેની કૃતજ્ઞતા જણાવી છે.

લોકભારતીમાં આજે પણ કથાની મહેક મહેકી રહી છે. સૌ સાંજે ફરવા પણ કથાના સ્થળે જાય છે. કથા સ્થળ અમારા માટે ઊર્જાસ્રોત બની રહ્યો છે. કથાની ભવ્યતા-દિવ્યતાને વાગોળતા વાગોળતા ધન્યતા અનુભવે છે.

કથાના એક મહીના પછી હરખ વ્યકત કરવા અને સંબંધોને વધારે મજબૂત કરવા સંદર્ભે યોજેલ ગ્રામજનો સાથેની બેઠક ખૂબ જ ફળદાયી અને ચિરંજીવી રહી.

મહાત્મા ગાંધીજીએ રામનામને પોતાના અમોઘ શસ્ત્ર-શક્તિ તરીકે વર્ણવતા જણાવેલું છે કે આ મને રંભાએ સમજાવ્યું. મને રામનામ કરતાં વધારે શ્રદ્ધા રંભામાં હોવાથી આ શક્ય બન્યું. આપણે સૌએ જીવનમાં એક એક 'રંભા' શોધવાની છે! અત્યારે તો આપણો ભરોસો-વિશ્વાસ પૂ. બાપુ સ્વરૂપે અનરાધાર અમૃતધારે વરસી રહ્યો છે ત્યારે આપણે તો અંદરનું વાસણ ચત્તુ રાખવા જેટલું જ ખિસકોલી કાર્ય કરવાનું છે! એ જેટલું ભરાણું એટલું જીવન ઝળાહળા! અને જો પૂરું ભરાણું તો તો આજની ઘડી જ નહીં, આખું જીવન જ રળિયામણું થયે છૂટકો.

સફળતાથી નિર્વિઘ્ને પાર પડેલી કથાના પરસ્પરને અભિનંદન પાઠવવા અને રાજીપાની લ્હાણી કરવા બોલાવેલી સમગ્ર પરિવારની બેઠકમાં અને પછી વિદ્યાર્થીઓ તથા પરિવારને કથાના અનુસરણ સંદર્ભે વ્યકિતગત મળવાનું થયું ત્યારે બાપુના સૂચવ્યા પ્રમાણે હવે રામકથા તો પૂરી થઈ, રામકાર્ય શું કરીશું? તે સવાલના મળેલા જવાબોએ મારે મન કથાની કેળવણી-ઉપલબ્ધિ છે.

૧. બધાનો સ્વીકાર કરવો. કોઈની નીંદા-ઈર્ષા ન કરવી.
૨. પૂ. બાપુની જેમ વર્ગમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સમયસર આવવું.
૩. પૂ. બાપુ જેવી અભ્યાસવૃત્તિ અને શ્રોતા અભિવ્યક્તિ કરવી.
૪. આપણે નહીં, આપણા કામને બોલવા દેવું.
૫. શ્રદ્ધા અને વિશ્વાસમાંથી પ્રેમ-ચાહત જન્મે છે, આથી શ્રદ્ધાળુ અને દયાળુ થવા પ્રયત્ન કરવો.
૬. કથામાં ગામડાંઓ લોકભારતીમાં ઠલવાણા હવે લોકભારતીએ ગામડાંઓમાં ઠલવાવાનું છે.
૭. સમાજે લોકભારતીને ટકાવવા ટેકો કર્યો છે ત્યારે લોકભારતીએ સમાજનું અંગિભૂત અંગ બની રહે તેવા સંસ્કારી વિદ્યાર્થીઓ તૈયાર કરવાના છે.
૮. પૂ. બાપુની જેમ સાદાં, સરળ, સસ્તાં અને સહજ ઉપલબ્ધ એવા ટી.એલ.એમ. વાપરવા.
૯. બહુ મોટી સંખ્યામાં સાવ ગરીબ અને શ્રમિક લોકોએ કરેલી મુંગી સેવાની જેમ આપણે પણ ખિસકોલી સેવાકાર્યને આપણો સ્વભાવ બનાવીએ.
૧૦. સોંપેલ જવાબદારી વફાદારીથી નિભાવીએ.
૧૧. બોલવા કરતાં પણ એકચિત્તે શ્રવણ કરવું એ ચડિયાતું છે.
૧૨. સત્ય, પ્રેમ, કરુણા અને સેવા આપણા જીવનવ્યવહારમાં વિકસે તેમ કરવું.
૧૩. સ્વચ્છતા ત્યાં પ્રભુતા છે. લોકભારતીની સ્વચ્છતા જળવાઈ રહે એવો સૌ કોઈ સભાનતાથી વ્યવહાર-આચાર કરે.
૧૪. આપણા દાદાઓ જ સક્ષમ, ઋષિવર્ય, સત્ય-પ્રેમ-કરુણાની મૂર્તિ સમાન છે ત્યારે બીજે ક્યાંય જવાની જરૂર નથી. ઘરે જ ગંગા વહી રહી છે. આપણા દાદાઓના સાહિત્ય-સર્જનનો નિયમિત અભ્યાસ કરવો જોઈએ.
૧૫. પ્રયોગો કરવા જ જોઈએ પણ સાથોસાથ પ્રયાગ થતા રહેવા જોઈએ.
૧૬. સેતુયજ્ઞ અને ખિસકોલીકાર્ય જીવનમાં વણાઈ જાય તેવું કરીએ.
૧૭. એકોક્તિના પાત્રોમાંથી જબરી શીખ મળી છે. તેને પચાવીએ, પામીએ.
૧૮. પૂ. બાપુએ આપણી બધી ઈચ્છાઓ-વિનંતી જે પ્રેમથી સ્વીકારી અને પોતાની કથા ગુંથી તેવું સૌનું સન્માન-ગૌરવ જાળવીને જીવતા શીખીએ.
૧૯. સત્ય, અહિંસા, સાધનશુદ્ધિ, સેવા, શાંતિ, પ્રકૃતિનું જતન, સંસ્કૃતિનું સંવર્ધન અને મનુષ્યત્વને ઉજાગર કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિઓના આગ્રહીઓને આજે સમાજ ભલે અવ્યવહારુ કે આદર્શવાદી ગણે, પણ તે ભૂલ ભરેલું છે.
૨૦. પૂ. બાપુએ પાનબાઈના હવાલાથી વારંવાર જે 'વિવેક'ની મહત્તા સમજાવી છે તે વિવેકને આપણે આચરણમાં મૂકીએ.
૨૧. આપણે કાર્યકરો પરસ્પરના સાથ-સહકારથી એકબીજા પાસેથી શીખતા રહીએ અને સારપનો સરવાળો કરીએ.
૨૨. ગ્રામચેતનાને પૂનર્જિવિત કરવા માટે ઓછામાં ઓછા ૯૦૦ વર્ષ રાહ જોઈ શકીએ એવું ધૈર્ય કેળવીએ.

## ૦૧ લોકભારતીમાં વ્યાસપીઠ

**રઘુવીરભાઈ ચૌધરી**

---

પરમ વંદનીય બાપુ,

અરુણભાઈ અને સર્વ ટ્રસ્ટીઓ આ કથાનો મનોરથ કરનાર બહેનશ્રી હર્ષાબા ગોહિલ અને એમના પરિવારજનો, મનસુખભાઈ અને સર્વ સાહિત્યકારો. મેં જે પુસ્તક બાપુને આપ્યું-એમના ચરણોમાં મૂકયું એ 'દર્શક' વિશેનું છે, 'દર્શકના દેશમાં' આ પુસ્તકની તૃતીય આવૃત્તિ છે. પૂજય બાપુ વિશે જે પુસ્તક લખ્યું છે એની પણ ત્રણ આવૃત્તિ થઈ છે, પુસ્તકનું નામ છે, 'માનસથી લોકમાનસ' રામનારાયણ પાઠકનું એક કાવ્ય 'પરથમ પરણામ' પ્રણામ કોને કોને કરવાના? તમે અરુણભાઈને પૂછશો તો પ્રથમ પ્રણામ એ નાનાભાઈ ભટ્ટને કરશે. નાનાભાઈ પાસે અરુણભાઈના શૈશવના વર્ષો વીત્યાં છે. એ પછી તો આખો ક્રમ ચાલે છે. રામનારાયણ પાઠકે સાત જણને પ્રણામ કર્યા છે. હું નાનાભાઈ પછી 'દર્શક'ને વંદન કરું.'દર્શક' સાથે ઘણી આત્મીયતા હતી. અહીં આવીએ ત્યારે સાહિત્ય અને સંસ્કૃતિ વિશે કંઈ ને કંઈ પામીને જઈએ એવું હતું. કેટલાં વર્ષોથી સાહિત્ય અને કળા,સંસ્કૃતિ અને ચિંતનની પરંપરા લોકભારતીમાં વિકસતી રહી છે. તમે બધાએ વિદ્યાર્થિની બહેનોના મુખે 'વંદના વંદના' પ્રાર્થના સાંભળી તેમાં આપનામાંથી જે સંગીતના જાણકારો હશે સમજી ગયા હશે કે કેટલી બધી તૈયારી સાથે પ્રાર્થના સચવાઈને રજૂ થઈ છે. પ્રાર્થનામાં જે ભાવ છે એ સંગીત દ્વારા આપણા સુધી પહોચ્યો. બાપુ માટે લોકભારતી પારકી જગ્યા નથી. પહેલીવાર બાપુ કયારે અહીં આવ્યા હશે મને ખબર નથી પણ બાપુ જે કામ કરે છે એ કામનો આરંભ તો અહીંથી થયેલો.

મેં બાળપણમાં 'રામાયણનાં પાત્રો' અને 'મહાભારતનાં પાત્રો' એ પુસ્તકોનું વાચન કરેલું, એના સંસ્કાર આખી જિંદગી રહ્યા. નાનાભાઈ ભટ્ટે કેટલું મોટું કામ કર્યું? નાનાભાઈ પણ કથા કરતા બાપુ ! 'ભાગવતકથા', ' લોકભાગવત' એવું પુસ્તક પણ લખ્યું. કેટલું બધું લેખન નાનાભાઈએ કર્યું છે! એ પછી જે ક્રાંતિ 'દર્શક'એ વિકસાવી એનો આરંભ નાનાભાઈએ કર્યો હતો. નાનાભાઈ ભાવનગર દક્ષિણામૂર્તિનું સર્જન કરી બેઠા એ પછી દક્ષિણામૂર્તિ દેવની પ્રતિમા, તસવીર લઈને એ આંબલા ગયેલા. મનુભાઈ પંચોળીએ નાનાભાઈને કહેલું કે, 'તમે ગામડે આવશો ત્યારે હું જોડાઈશ'

નાનાભાઈ ભાવનગરથી આંબલા આવે છે પછી દક્ષિણામૂર્તિ દેવ ગ્રામદક્ષિણામૂર્તિ થયા. આજે આંબલા પણ વિકસિત સંસ્થા છે. લોકભારતી સાથે ઘણી સંસ્થાઓ વિકાસ પામેલી છે. બાપુ માટે તો આ બધું બહુ સ્વાભાવિક છે. બાપુ, રામકથામાં વાલ્મિકી - તુલસી સાથે કેટલાને જોડે છે! એ જોડવાનું કામ નાનાભાઈની સંસ્થાઓમાં થયું છે. સદ્ભાગ્યે એક નવી વિજ્ઞાનની શાખા અરુણભાઈને કારણે ઉમેરાઈ છે.મનસુખભાઈ સલ્લાએ પણ શિક્ષણનું પાયાનું કામ અહીં કરેલું. આવા ઘણાબધા મિત્રો છે.

આજે હવે લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન થઈ છે. આ યુનિવર્સિટીમાં ગ્રામપુનરુત્થાનનું, ગ્રામવિકાસનું કામ યુનિવર્સિટી કક્ષાએ કેવી રીતે થઈ શકે એના ઉપર ચિંતન-મનન,સંશોધન થશે. મને બાપુ, વિચાર આવે છે કે, હમણાં હું પ્રેમાનંદ વિશે વાચતો હતો,ઉમાશંકરે પણ પ્રેમાનંદ વિશે લખ્યું છે, લાભશંકર પુરોહિતે પણ લખ્યું છે. માનસનું જે કથાનક જેમાં આવે છે તે 'રણયજ્ઞ'નામનું આખ્યાન પ્રમાનંદે રચ્યું છે. અરુણભાઈને મારે કહેવાનું કે,લોકભારતી યુનિવર્સિટીમાં આખ્યાન વિશે અભ્યાસક્રમ

રાખો. આખ્યાન એટલે માત્ર વાતચિત નહીં પણ સંગીત પણ સાથે હોય, એમાં બધા તેયાર થાય.માણભટ્ટ હવે નથી પણ આપણે એવા ગાયકો,વાદકો તૈયાર કરીએ...કેવા મોટા કવિ છે પ્રેમાનંદ ! સૂરદાસ અને તુલસી, કબીર તો છે જ મોટા કવિ. ગુજરાત પાસે આ મોટી મૂડી છે પ્રેમાનંદની એનો લાભ આપણે સહુને આપીએ.

અરુણભાઈ અને સાથીઓના પ્રયત્નોથી સંસ્થાઓમાં સરસ વિકાસકાર્ય થયું છે. હવે તો આ શુકનવંતા કાર્યને પૂ. બાપુએ દીપ પ્રગટાવીને અધિક અજવાળું આપવાનો મંગલ મનોરથ કર્યો છે. બાપુએ સ્વેચ્છાએ આ સંસ્થાઓને સહયોગ આપવાનું કામ હાથમાં લીધું છે એટલે હું ધારું છું કે બાપુને જયારે પણ ઈચ્છા થશે ત્યારે અહીં આવશે. અનેક વખત બાપુએ આ સંસ્થાની અને બીજી સંસ્થાઓની ભીડ ભાંગી છે. બાપુએ જે વિશ્વાસે આ શુભકાર્ય કર્યું છે માટે બાપુને વંદન કરીને, અરુણભાઈ અને સહુ સાથીઓને શુભેચ્છા આપીને, આપનો સહુનો આભાર માનીને વિરમું છું, નમસ્તે.

( સણોસરામાં માનસ લોકભારતી-કથાના આરંભે આપેલ પ્રાસંગિક ઉદ્‌બોધન)

## અવધમાં શ્રીરામ પ્રતિષ્ઠા મહોત્સવ

**ડૉ. મનહર ઠાકર**

અવધપુરી અતિ પાવનકારી, જય રઘુનંદન અવધવિહારી.
રાજય રામ છે મંગલકારી, બિરાજમાન હો પ્રજા વ્રતધારી.

દિવ્ય સિંહાસન બેઠા રઘુરાયા, સમીપ સીતા રૂપ ગુણ નિહરાયા.
પરમાનંદ ભૂષણ આભૂષણ, કોમળ ચિત્ત વિશાળ ભુજ લોચન.

કૃપાનિધાન સર્વજ્ઞ ભગવાના, સગુણ નિર્ગુણ વેદ ગુણ ગાના.
મુકુંદ રામ રમાપતિ કિરતારા, વિપ્ર ધેનુ સુર સંત આધારા.

રૂપ ગુણ શીલ સત્ત્વ નિધાના, પરમારથ પથ પરમ સુજાના.
જન રંજન ભંજન ભવ દુઃખા, પ્રજા વત્સલ રામ રાજય વિશેખા.

અવસર આજ શોભિત હો રૂપમ, રામ તિલક અભિષેક અનુપમ.
મંગળ દિવસ એ જ મનાયે, આરૂઢ સિંહાસન શ્રીરામ સોહાયે.

(૪૦, શ્રીનાથજીનગર-૩, ભરતનગર પાછળ, ભાવનગર : ૩૬૪૦૦૨ મો. ૯૪૨૬૮૫૧૨૯૦)

## ૦૨ બાપુની અમૃતકથા

**જય વસાવડા**

---

પ્રિય બાપુની રામકથાને હું તો અમૃતકથા કહું છું. બાપુ દેશ પરદેશની અંદર રામકથાના માધ્યમે વ્યાસપીઠને એક જબ્બર જંગમ વિદ્યાપીઠ બનાવીને લોકકેળવણીનું કામ કરતા રહ્યા છે. જગત પાસે જખમોના લાખો, કરોડો કારણો છે, પણ સત્ય, પ્રેમ, કરુણાનો રામનામી મલમ બનાવીને સૂઝથી રૂઝ આપનારા એક જ વિરલા પ્રિય મોરારિબાપુ છે.

ભાવનગર પંથક શિક્ષણના ક્ષેત્રે જ્ઞાનબીજની ઉપજ આપનારો ફળદ્રુપ વિસ્તાર રહ્યો છે. અહીં અજ્ઞાનના અંધકારા ઉલેચનારા અનેક જ્યોતિશિખરો પેદા થયા. નાનાભાઈ, માનભાઈ, હરભાઈ, ગિજુભાઈ, મૂળશંકરદાદા મનુભાઈ વગેરેના કર્તવ્યોનું કુલ સરવૈયું કાઢો તો યુનેસ્કોની શિક્ષણનીતિ કરતા પણ એમની ગાંધીમૂલ્યોથી તરબતર જીવનનીતિનું વજન વધી જાય ! આ બધામાં અંધારી રાતમાં પ્રગતિપથ અજવાળતા તારાઓની વચ્ચે ઝળહળતા પૂનમના ચંદ્ર જેવો પ્રકાશ આપતી તલગાજરડી આંખ એટલે ત્રિભુવનસુંદર એવા પ્રિય મોરારિબાપુની હેતુ વગર હેત કરતી હનુમંતદૃષ્ટિ.

એટલે અરુણભાઈના ઈજનથી એમ જ સહજ કરેલી મારી નાનકડી ભાવાભિવ્યક્તિમાં લોકભારતી સણોસરા ખાતે યોજાયેલી બાપુની રામકથાને મેં "લોકભારતીની આરતી" કહી હતી. સર્વોદયનો સૂર્યોદય કરતી લોકભારતી અનેક ગુરુશિષ્યોની ચેતનાથી ચાર્જડ થયેલી ભૂમિ છે. જ્યાં વિજ્ઞાન અને વિચાર, સંશોધન અને સંવેદન, ઈતિહાસ અને ઈમાન, ભાષા અને ભાવ, અસ્મિતા અને આધુનિકતા, સર્જ્ઞતા અને સદાચાર, કૃષિ અને ઋષિ, ડિજિટલ અને પ્રેક્ટિકલ એમ સોળે કળાએ શોભતા શિક્ષણ માટેનો પાયો પૂર્વસુરિઓએ જાત હોમીને નાખ્યો છે. એ મહાત્માના વારસા પર એક ભવ્ય ભવિષ્યનું ૨૧મી સદીની પેઢી માટે નવનિર્માણ થાય, એ માટે પ્રિય બાપુએ આ રામકથાનો શબ્દયજ્ઞ કર્યો. સમયના સમિધ અને આસ્થાની આહુતિ સાથે શિવસંકલ્પ કર્યો અને એમના આ બાગમાં અનેક ફ્લાવર્સ ત્યાં આ નિમિત્તે મહેક પ્રસરાવી ગયા. રંગબેરંગી પતંગિયાઓની માફક કથા માટે અવનવા શ્રોતાઓ આવી મધુરસ મેળવી ગયા.

પ્રિય બાપુ આ કથામાં સોળે કળાએ ખીલીને બારે મેઘ ખાંગા થયા હોય તેમ નવ નવ દિવસ વરસતા રહ્યા. નવા વિચાર વાવેતર માટે ચિત્તને ભીનું કરતા ગયા. લોકભારતીના કાળખંડમાં આ એક અપૂર્વ અનન્ય અલૌકિક અનુભવ તરીકે સુવર્ણમય સ્નેહાલેખ બને એવી ઘટના રચાઈ ગઈ. ભલે થોડાક પણ સમય માટે આ પુણ્યશ્લોક ચૈતન્યના સાક્ષી બનવા હું પરિવાર સાથે આવ્યો, ત્યાં નિરંજનાબા પરિવાર, વિનોદભાઈ જોશી, ભદ્રાયુભાઈ વગેરે સાથે બેસી કથારસપાન કર્યું, એની પરમ પ્રસન્નતા. યુવા વિદ્યાર્થીઓ સાથે અનૌપચારિક સંવાદ થોડો થયો, એમની સર્જકતાનો પરિચય થયો અને વિશાલ ભાદાણી જેવા મિત્રોએ સુપેરે આતિથ્ય કર્યું એનું સ્મરણસુખ.

વિશ્વવિદ્યાધામ એવી લોકભારતીએ ગ્રામ્યજીવનનો ધબકાર લઈ, નગરજીવન સુધી હાથપગ ફેલાવવાના છે. બસ અરુણભાઇ અને "ટીમ લોકભારતી" હવે આ અંતરને આરામ આપતી રામકથાએ પ્રગટાવેલા શિક્ષણદીપને સમર્પણ સાથે વધુ પ્રકાશમાન કરીને, પરિવર્તન દ્વારા એના તેજનું પરાવર્તન કરીને લોકકલ્યાણ તથા યુવાઘડતર માટે અંખડ રાખે એ જ પ્રાર્થના.

જય સિયારામ.

**માધવ રામાનુજ**

---

લોકભારતી... અંતરમાં ધબકતું રહ્યું છે એવું એક નામ. એવું જ પૂજ્યભાવે અંતરમાં પથરાતું નામ પ્રિય મોરારીબાપુનું. 'લોકભારતીમાં મોરારીબાપુની કથા છે.' એ સમાચાર મળ્યા. એક દિવસ રઘુવીરભાઈએ કહ્યું કે, 'આપણે સાથે જઈશું.' પણ પછી સંસ્થામાંથી આમંત્રણનો પત્ર આવ્યો ત્યારે જાણ્યું કે સંસ્થામાં નિવાસની વ્યવસ્થા અલગ થઈ શકે એવું નથી, સમૂહમાં રહેવું પડશે. એવું જાણ્યા પછી સંસ્થાની વ્યવસ્થામાં અડચણરૂપ નહિ થવું, એમ માનીને જવાનો વિચાર માંડી વાળ્યો હતો. બાપુની કથા ટી.વી. દ્વારા માણીશું એમ મન મનાવ્યું હતું. મેં હસમુખભાઈ દેવમુરારિને પણ લખી જણાવ્યું કે, 'આપના પત્રથી અને આવી લાગણીપૂર્વકની વ્યવસ્થા-સૂચનાથી આનંદની લાગણીનો અનુભવ થાય છે.. પણ કેટલાંક અનિવાર્ય સંજોગોને લીધે અત્યંત ગમતા એવા આ ઉત્સવમાં મારાથી આવી શકાય એવું નથી, તો દરગુજર કરશો. પૂ. બાપુને અને આપ સહુને વંદન.'

એમાં એક દિવસ મુ. શ્રી અરુણભાઈ દવેનો ફોન આવ્યો. એમના વાત્સલ્યપૂર્ણ આગ્રહની અવગણના ન થઈ શકી. સંજય ચૌધરીનું વાહન, રઘુવીર અને મનસુખ સલ્લા સાથેની એ યાત્રા લોકભારતીના પાવન તીર્થમાં પહોંચીને ધન્ય થઈ ગઈ.

પહેલે જ દિવસે બાપુએ આ કથાને નામ આપ્યું : 'માનસ-લોકભારતી'. લોકભારતીના ગૌરવપૂર્ણ શિક્ષણ પ્રણાલીનું બાપુએ એ રીતે સન્માન કર્યું. પૂ.નાનાભાઈને યાદ કર્યા. એ સાથે જ એમના આરંભના સહુ સાથીઓનેય સંભાર્યા. લોકભારતીને હવે તો યુનિવર્સિટી મળી છે. બાપુએ દાનની અપીલ કરી અને સૌથી પહેલાં પોતાનો ફાળો જાહેર કર્યો. કથાનો એ પહેલો દિવસ-બાપુએ સંસ્થાના સન્માનમાં પોતાની વાણીના અમૃતની વર્ષા કરી.

એ જ દિવસે સાંજ પછી બાપુના ઉતારે જવાનું થયું. સંસ્થામાં જે નિવાસસ્થાનમાં નાનાભાઈ રહેતા હતા ત્યાં જ રહેવાનો બાપુએ આગ્રહ રાખ્યો હતો. અમે એ ઉતારે પહોંચ્યા. કથાના આયોજનની જવાબદારી જેમણે સંભાળી હતી એ ગોહિલ પરિવારનાં પણ દર્શન ત્યાં થયાં. ઔપચારિક વાતો પછી બાપુએ કવિતા સાંભળવાની ઈચ્છા દર્શાવી. મેં અને હર્ષદ ત્રિવેદીએ એક એક રચના સંભળાવી. પછી બાપુએ મને મારી 'મૂળ'ની રચના સંભળાવવા કહ્યું :

મૂળ તો ભીનું ભીનું ખસે —
પાણી, પવન અને મન જેવું
એ ધસમસ ના ધસે... મૂળ તો.

બીજા દિવસની કથામાં બાપુએ આ ગીતના ભાવને જોડીને વાતો કરી, ત્યારે સમજાયું કે સાંજે આ ગીત સંભળાવવાનું એમણે કેમ કહ્યું હતું!

નઈ તાલીમની પદ્ધતિએ શિક્ષણ આપતી સંસ્થાઓમાં લોકભારતી અગ્રસ્થાને છે. નાનાભાઈએ કરેલા આરંભ પછી મૂળશંકરભાઈ અને 'દર્શક' સાથે કેટકેટલા શિક્ષણ અને સમાજવિદ્યાના મરમી મહાનુભાવોના તપ આ સંસ્થાના મૂળમાં છે. એવા તપનાં પૂણ્ય મળ્યા છે ને ફળ્યા છે... લોકભારતી જેવી સંસ્થાઓથી પ્રેરાઈને મહેસાણા જિલ્લાના અમરાપુર અને અલુવા ગામની સીમમાં મોતીભાઈ ચૌધરીએ 'ગ્રામભારતી' નામની સંસ્થા સ્થાપી. આજે તો હવે ત્યાં લોકભારતીની જેમ જ લગભગ બધી જ શિક્ષણ-શાખાઓ છે. રઘુવીરભાઈ ત્યાં સંચાલક છે. ચોસઠ-પાંસઠ વર્ષ પહેલાં મને પણ ત્યાંની માધ્યમિક શાળામાં ભણવાનું સદ્‌ભાગ્ય મળ્યું હતું. લોકભારતી સંસ્થાનું નામ પહેલીવાર ત્યાં

સાંભળ્યું હતું. પછી તો એ સમયે ત્યાં કેન્દ્રનિવાસ માટે આવેલા દીનકર દવે પાસેથી અહીંના અદ્દ્ભુત વાતાવરણ વિશેય કેટલુ બધું જાણવા મળ્યું હતું. એ અરસામાં જ એકવાર 'દર્શક' પણ ત્યાં આવ્યા હતા ત્યારે મેં એમને પૂછયું હતું કે, 'મનુદાદા, ઝેર તો પીધાં છે-નો બીજો ભાગ ક્યારે આપો છો?'

ગ્રામભારતી પછી આગળ અભ્યાસ માટે મારે લોકભારતી જ આવવું હતું પણ એ શક્ય ન બન્યું.. જ્યારે જ્યારે અહીં આવવાનું થાય છે ત્યારે આનંદ તો અનુભવાય જ છે, પણ સાથે સાથે અહીં ભણવા ન આવી શકાયાનો વસવસો પણ ઉભરાય છે.. આ બધા ભાવ સાથે બાપુની વાણીમાં લોકભારતીનું વિધવિધ રીતે સન્માન થતું જોઈ-સાંભળીને અનહદ આનંદ થયો.

અહીંની યુનિવર્સિટીના વાઈસ ચાઈન્સલર શ્રી રાજેન્દ્ર ખીમાણીને પણ ઘણા સમય પછી મળવાનું બન્યું. જાણીતા લેખક ગુણવંત શાહ પૂ. મોરારિબાપુને 'લોકશિક્ષક' કહે છે. આ શિક્ષણ સંકુલમાં એ લોકશિક્ષકની ઝલક પ્રગટ થઈ રહી હતી. સંસ્થા માટે આટલા વિશાળ આયોજનનો કદાચ આ પહેલો પ્રસંગ હશે. આટલી મોટી સંખ્યામાં શ્રોતાજનોનું આવવું, એમના ભોજન અને નિવાસની વ્યવસ્થા.. અઘરું કામ, છતાં સંસ્થાના અગ્રણીઓ, કાર્યકરો અને વિદ્યાર્થીઓએ સહજ રીતે જ બધું સંભાળી લીધું હતું. કથાના દિવસો સંસ્થાના વિદ્યાર્થીઓ માટે સાચા અર્થમાં લોકશિક્ષણના દિવસો બની રહ્યા હતા.

પ્રાચીન ગુરુકુળો રાજયાશ્રયથી કાર્યરત હતા. આ સમયમાં સરકારી અનુદાનથીય વધારે લોકફાળો ઉપલબ્ધ થાય છે. અહીના આ ઉપક્રમથી એમાં વધારો થશે. દેશમાં તેમજ બીજા અનેક દેશોમાં થતા કથાના જીવંત પ્રસારણથી સંસ્થાને ફાળો તો મળશે જ, પણ સૌથી વધુ તો એ વાતનો આનંદ છે કે કથાના ઉત્સવથી સહુને લોકભારતીનો વિશેષ પરિચય પણ થયો છે.

(જે-૧૧, વિક્રમ એપાર્ટમેન્ટ, શ્રેયસ ક્રોસિંગ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫)

**ભગવદ્દ્કથા જે જરૂરી નથી એવા અનર્થોને દૂર કરે છે.**

ભગવાનની કથા સાંભળવા માટે જિજ્ઞાસા લઈને આવો, સમજદારી લઈને નહીં. ભગવાનની કથા સંદેહ, મોહ અને ભ્રમ એ ત્રણેયને મિટાવે છે. વિચારોની દિશા બદલવાનો એક સાત્ત્વિક પ્રયોગ છે ભાગવતકથા. કથા મહાદાન છે, ભગવાનની કથાથી ઉત્તમ કોઈ દાન નથી. કથા સિદ્ધિની લાલચ નથી આપતી. હરિભકિતની લાલસા પેદા કરે છે. કથા પ્રત્યેક વ્યકિતની પોતાની સિકયુરિટી છે. પોતાની સુરક્ષા છે.

**મન આપણું મંદિર છે.**

કોઈ પણ પરમાત્માનું રૂપ એ મનમંદિરની મૂર્તિ છે. ઈશ્વર પર રહેલી આપણી આસ્થાનો કોઈ પણ આકાર એ મનમંદિરની મૂર્તિ છે. મનમંદિરની મૂર્તિ હરિ છે, રામ છે અને પૂજારી હનુમાન છે. મનમંદિરનું શિખર કર્યું? મનમંદિરનું શિખર છે, નિરંતર ઉચ્ચતમ ચિંતન. પ્રત્યેક જાગ્રતપુરુષે રોજ ભીતરમાં પ્રવેશવું જોઈએ અને પૂછવું જોઈએ કે આપણે કયાં છીએ?

(મોરારિબાપુ)

## ૦૪ મોરારિબાપુની માઈલસ્ટોન સર્જતી રામકથા

**કૌશિક મહેતા**

---

રામકથા અનેક છે અને એને ગાનારા પણ અનેક. પણ કેટલાક અલગ પડે છે અને એમાના એક છે, મોરારિબાપુ. એમને વારસામાં મળી છે રામકથા. ૧૪-૧૫ વર્ષની ઉંમરે શરૂઆત કરી અને આજે એમને ૭૮ વર્ષ થયા છે અને એમને થાક લાગતો નથી. તેઓ મહીને બે કથા તો કરે જ છે. એ કહે છે, 'રામકથા મારો વિશ્રામ છે.' થોડા સમય પહેલા લંડનમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની જીસસ કૉલેજમાં ૯૨૧મી રામકથા-'માનસ વિશ્વવિદ્યાલય' કરી હતી. એના પહેલા દ્વાદશ જ્યોતિર્લીંગ કથા કરી. આ બંને કથા બાપુની વિશિષ્ટ કથાઓમાં સામેલ કરવી પડે એટલી નોંધપાત્ર છે. આવી યાદી લાંબી થઈ શકે એમ છે. અને હવે એમાં ઉમેરો થાય છે, 'માનસ લોકભારતી' સણોસરામાં નાનાભાઈ અને દર્શક દ્વારા જે સંસ્થામાં પ્રાણ રેડાય અને આજે અરુણભાઈ દવે એ વારસાને દીપાવી રહ્યા છે. લોકભારતી યુનિવર્સિટી બની અને એના લાભાર્થે બાપુએ કથા કરી અને જોતજોતામાં ૧૧ કરોડથી વધુ રકમ એકત્ર થઈ ગઈ.

આ કથા વિશષ્ટ એટલે પણ હતી કે એમાં કેટલાક પ્રયોગો થયા. રોજ કથા શરૂ થાય એ પહેલા રામાયણના એકાદ પાત્રની એકોક્તિ આ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા જ થાય. શબરીથી માંડી વિભીષણ સુધીના પાત્રો આ રીતે વ્યાસપીઠ પર જીવંત કરાયા એ અનુભવ સાવ નોખો રહ્યો. લોકભારતીના સમગ્ર કાર્યકરોએ આ કામ સુપેરે પાર પાડ્યું. બાપુ ય રાજી રાજી.

બાપુએ આ કથામાં કથા બાદ પણ એક નવો ચીલો પાડ્યો. સાંજે પાંચ વાગ્યે બાપુ ઉપડે અને આસપાસની કોઈ વાડીએ જઈ વિશ્રામ કરે. ભિક્ષા માટે તો એ જતા જ હોય છે. પણ કોઈની વાડીએ વિશ્રામ અને એ ય સાંજે પાંચથી સવારે પાંચ. સવારે પાંચ વાગ્યે એ એમના ઉતારે પાછા ફરે. અને રહે ક્યાં? તો સંસ્થાના સ્થાપક નાનાભાઈ ભટ્ટ જ્યાં રહેતા એ ઘરમાં જ.બાપુની કથા જનસમાજ સુધી તો પહોચે જ છે. પણ સંસ્થાઓ માટે એ આર્થિક આધાર પણ બની જાય છે. અત્યાર સુધી કથાઓ થકી કેટલું ફંડ થયું એનો હિસાબ કોઈએ કરવા જેવો છે. એ ઉપરાંત બાપુની સંવેદના પણ કેવી? કોઈ પણ અકસ્માત થાય, કોઈ પણ વિપત્તિ આવે તો એમની કરુણા અસરગ્રસ્તો તરફ વહેતી રહે છે. એમને મદદ કરવામાં આવે છે.

બાર જ્યોતિર્લીંગની કથા તો અદભૂત રહી. બાપુએ બધા જ્યોતિર્લીંગ પર કથાઓ તો કરી જ હતી પણ એકવાર એમને વિચાર આવ્યો કે, બધા જ્યોતિર્લીંગ પર એકસાથે કથા ના થાય? એ માટે વિશિષ્ટ ટ્રેન થઈ શકે? એમણે વિચાર રજૂ કર્યો અને યુવાન રૂપેશ શાહે એ વધાવી લીધો. એમની સાથે મિરાજ જૂથના મદનજીએ પણ હકાર ભણ્યો. બાપુ કહે, 'પણ આ થઈ શકે?' બંનેએ કહ્યું કે, 'બાપુ, તમે હા પાડો એટલે બધું શક્ય છે.' અને શક્ય બન્યું.બે વિશેષ ટ્રેન અને એમાં ૧૦૦૮ લોકો. બાર જ્યોતિર્લીંગના દર્શન સાથે કુલ ૧૩ સ્થળોએ રામકથા. કેદારનાથથી શરૂઆત થઈ અને મહુવાએ સમાપન. કેટલા કિલોમીટર ટ્રેનનો પ્રવાસ અને આટલા લોકોની વ્યવસ્થા એ મોટો સવાલ હતો અને માથે હતું ચોમાસું. પણ આઈઆઈએમના વિદ્યાર્થીઓ માટે સ્ટડી કેસ થાય એવું કથાનું આયોજન. નિમિત્તમાત્ર યજમાન રુપેશભાઈ અને મદનભાઈની ટીમે શું વ્યવસ્થા કરી ! દરેક સ્થળે સાથે જોડાયેલા લોકો માટે ઉતારાની સુંદર વ્યવસ્થા, સ્ટેશન આવે અને એ બધા નીચે ઉતરે એ પહેલા જ એમના મોબાઈલ ફોનમાં મેસેજ આવી જાય કે, એમણે ક્યાં વાહનમાં બેસવાનું છે, ક્યાં એમનો ઉતારો છે અને એમની સાથે કોણ છે. બધા વાહનો તૈયાર હોય. ટ્રેનમાં એક આખો ડબો ભોજન માટે અલગ અને એમાં સવારના નાસ્તાથી માંડી સાંજના

ભોજન સુધીની વ્યવસ્થા.

દરેક એક દિવસ માટે કથા માટે ડોમની વ્યવસ્થા, અને એમાં ચોમાસું હતું અને વરસાદ પડે તો? એ માટે વૈકલ્પિક વ્યવસ્થા. બે સ્થળોએ વરસાદ નડ્યો પણ ખરો તો કોઈ હોલમાં કથા થઈ. બાપુએ આ કથાને 'માનસ નવસો' નામ આપ્યું હતું. કદાચ કોઈએ ક્યારેય આ રીતે કથા નહોતી કરી અને ભવિષ્યમાં પણ કોઈ કરી શકશે કે કેમ? એ પ્રશ્ન છે. બાપુએ કહ્યું હતું કે,

'વિઘ્નો તો આવે , વિઘ્નો સર્જનારા પણ હોય પણ આપણી રક્ષા તો મહાકાલ કરે છે.'

ઇંગ્લેન્ડમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની જીસસ કૉલેજમાં બાપુની કથા થઈ એ તો ઐતિહાસિક બની ગઈ. અહિ બાપુને કથા કરવાનો મનોરથ હતો. અને લગભગ બે ત્રણ વર્ષથી એ માટે તૈયારી ચાલતી હતી અને આખરે આયોજન શક્ય બન્યું. લોર્ડ ડોલર પોપટ યજમાન હોય પછી શું ઘટે? એમના પુત્ર પાવન અને એની ટીમે આયોજન સંભાળ્યું.

૧૨૦૯માં કેમ્બ્રિજ યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી. એટલે કે આજે ૮૧૪ વર્ષ થયા અને આ યુનિવર્સિટી સાથે ભારતનું બહુ મજાનું ક્નેકશન છે. કારણ કે અહી જવાહરલાલ નહેરુ, રાજીવ ગાંધી અને રાહુલ ગાંધી ભણ્યા છે તો જેમના નામે રણજી ટ્રોફી રમાય છે એ જામનગરના મહારાજા રણજીતસિંહ પણ અહી જ ભણ્યા. કવિ હરિવંશરાય બચ્ચન અને કેટલા વિજ્ઞાનીઓ હોમી ભાભાથી માંડી અમર્ત્ય સેન સુધીની હસ્તીઓ અહી અભ્યાસ કરી વિશ્વ વિખ્યાત થયા છે. અને એની જીસસ કૉલેજમાં કથા યોજાઈ. બાપુએ કહ્યું; 'માનસ પણ એક વિશ્વવિદ્યાલય છે.'

સૌથી વિશેષ વાત એ બની હતી કે, બ્રિટનના મૂળે ભારતીય એવા વડાપ્રધાન ઋષિ સુનક આ કથામાં આવ્યા અને એ ય ૧૫ ઓગસ્ટે. એમણે પ્રવચનમાં કહ્યું કે,

'આજે હું વડાપ્રધાન તરીકે નહિ પણ એક હિંદુ તરીકે આવ્યો છું. અહી હનુમાન છે તો હું મારી ઓફિસમાં ગણેશ રાખું છું. બાપુનો મંત્ર સત્ય, પ્રેમ કરુણાની આજે જેટલી જરૂર છે એટલી ક્યારેય નહોતી.'

ઋષિ સુનકે કથા તો સાંભળી જ પણ ભોજનની વ્યવસ્થા હતી ત્યાં એ ઊભા રહ્યા ને બધાને પીરસ્યું પણ ખરું. શું સંયોગ કે સુયોગ ...એક વેળા જે દેશે તમારા પર લાંબા સમય સુધી રાજ કર્યું હોય અને એ જ દેશમાં રામકથા યોજાય અને એમાં એ દેશના વડાપ્રધાન આવે અને વ્યાસપીઠને સન્માને. દેશ માટે આ એક ગૌરવવંતી ઘટના છે.અને સૌથી મજાની વાત એ કે, ઋષિ સુનકને ઇંગ્લેન્ડમાં કોઈએ ટ્રોલ ના કર્યા. એમની ટીકા ના કરી. આવું પરિપક્વ લોકશાહીમાં જ બને. ભારતમાં આવું કૈક બન્યું હોત તો? કલ્પના કરવી જરા મુશ્કેલ છે. પાછુ તમે જુઓ કે, હજુ થોડા સમય પહેલા જ ભારત આર્થિક રીતે ઇંગ્લેન્ડથી આગળ નીકળી ગયો.

બાપુની કથાઓ નવા આયામો સર્જી રહી છે. આમે ય એમની આ કથા લોકવિદ્યાલય બની ગઈ છે. બાપુને લોકશિક્ષક પણ કહેવામાં આવે છે. એમણે ખોટી રૂઢિઓની બેડીઓ તોડી છે. હનુમાનજયંતીએ એમના વતન તલગાજરડામાં હનુમાનજીની મૂર્તિએ આરતી દલિત કે પછાત કન્યાના હાથે થાય છે. એમણે ત્યાં રામ દરબાર છે પણ રામના હાથમાં ધનુષ બાણ નથી અને હનુમાનની ગદા વીણામાં રૂપાંતર પામી છે. એમની નિશ્રામાં કેટકેટલી વિધામાં એવોર્ડ અપાય છે. અસ્મિતાપર્વ પણ યોજાતું રહ્યું. એમના વિરોધીઓ નથી એમ નહિ પણ ઘણા વિરોધીઓ આજે બાપુના પ્રસંશક બન્યા છે. ટીકાઓ તો થવાની જ કે, આ કથાની ફલશ્રુતિ શું? બાપુ કહે છે;

'હું કોઈને સુધારવા નહિ સ્વીકારવા આવ્યો છું. હેતુ વિના હેત કરું છું.' શું એટલું પુરતું નથી?

બાપુ જીવનના દરેક પાસાને કોઈને કોઈ રીતે સ્પર્શે છે. આજના યુગમાં બાપુ છે એ કાઈ ઓછું આશ્વાસન છે? બાપુની વ્યાસપીઠ, કથાઓ થકી જે કામ થયું છે એનું મૂલ્યાંકન થવું જોઈએ , બાપુ આપણી વચ્ચે નહિ હોય ત્યારે એમનું મૂલ્ય સમજાશે. બાપુ વિષે શું કહેવું?

## ૦૫ શિક્ષણસંસ્થામાં રામકથા

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

---

**પ્રાસ્તાવિક :**

ાા લોકાભિરામમ્ રણરંગધીરમ્, રાજીવ નેત્રમ્ રઘુવંશનાથ

કારુણ્યરૂપમ્ કરુણાકરમ તમ્ શ્રીરામચંદ્ર શરણમ્ પ્રપધ્યે ાા

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ઉપક્રમે લોકાભિમુખ કેળવણીના સેતુયજ્ઞ સમાન રામકથા 'માનસ લોકભારતી' તા. ૩૦/૧૨/૨૦૨૩ થી તા. ૭/૧/૨૦૨૪ દરમિયાન યોજાઈ ગઈ. વ્યાસપીઠ પર બિરાજમાન હતા કેળવણીના અધ્વર્યુ, જંગમ વિદ્યાપીઠના કુલાધિપતિ પૂ. મોરારિબાપુ. તેઓ રામચરિત માનસના વિષયવસ્તુને વર્તમાન પરિસ્થિતિ સાથે અનુબંધ કરતા ચોટદાર ઉદાહરણો આપે છે. તેમના હાસ્ય - વિનોદસભર ભાવવાહી શબ્દો અને ગુજરાતી, હિન્દી, ઉર્દુ કવિઓના ગીતો, ગઝલોની પસંદ કરેલી પંક્તિઓ શ્રોતાઓના હૃદયમાં આત્મસ્થ થઈ જાય છે. સંસ્થાની સાત દસકાંની અખંડ પ્રેરકયાત્રા પછી સૌ પ્રથમ આયોજિત આ કથા અને તેના મૂલ્યવાન યોગદાનના સંદર્ભમાં કોડિયુંનો આ વિશેષાંક પ્રસિદ્ધ થઈ રહયો છે. તંત્રી ડો. અરૂણભાઈ, સહતંત્રી ડૉ.દિનુભાઈ ચુડાસમા અને સૌ સંપાદકોને અભિનંદન. મારા લેખના વિષયવસ્તુની છણાંવટ કરીએ તે પૂર્વે કથા, સવિશેષ રામકથાના આધારસ્તંભ ધર્મ, સનાતન ધર્મ અને તેના શાસ્ત્રો વિશે પ્રાથમિક પીઠિકા બાંધી લઈએ.

**ધર્મની વ્યાખ્યા :**

માનવજીવનમાં સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, નીતિમત્તા જેવા ગુણોની ખિલવણી કરનાર, અંતઃકરણને નિર્મળ, ઉજજવળ બનાવનાર, જ્ઞાન, કર્મ, યોગ અને ભકિતના સમન્વય દ્વારા શાશ્વત પ્રસન્નતા, શાંતિ અને સંતોષ સ્થાપનાર છે ધર્મ. વિશ્વમાં ૪૦૦૦થી વધુ ધર્મ અને સંપ્રદાય છે પણ ૭૫% વસ્તી પ્રમુખ ૧૨ ધર્મોનું અનુસરણ કરે છે. અહિ સ્પષ્ટતા કરી લઈએ કે ધર્મ એટલે માત્ર રિલીજીયન નહીં પણ 'ધારયતિ ઈતિ ધર્મ'. જેમ અગ્નિનો ધર્મ ઉષ્ણતા છે, જળનો ધર્મ શીતળતા છે તેમ વિવેકબુદ્ધિ ધરાવતા મનુષ્યનો ધર્મ છે સમય, સંજોગો પ્રમાણે સોંપાયેલી ફરજ—જવાબદારીનું સભાનતા, સરળતા, સહજતાથી પરિપાલન. પછી તે સ્વધર્મ, કુટુંબધર્મ, સમાજધર્મ, રાષ્ટ્રધર્મ કે યુગધર્મ હોય.

**સનાતન ધર્મ અને તેના શાસ્ત્ર :**

વિશ્વમાં સૌથી પ્રાચીન ધર્મ છે સનાતન ધર્મ. વેદમાં ઉલ્લેખિત સનાતન ધર્મ એટલે શાશ્વત, અનાદિ, નિત્યનૂતન, સાર્વભૌમ વિશ્વધર્મ. અત્યારે જે ક્રિયાકાંડ, રીતરિવાજો, રૂઢિઓ સનાતન ધર્મમાં પ્રવેશ્યા છે તે પાછળથી ઉમેરવામાં આવ્યા છે. આ ધર્મના તત્ત્વ, સત્ત્વને ઉજાગર કરવા ૮૦૦૦ વર્ષ પૂર્વે સૌ પ્રથમ ચાર વેદ લિપિબદ્ધ થયા ત્યાર પછી રચાતા ગયા ૧૦૮ ઉપનિષદ (જે પૈકી મહત્ત્વના છે, શંકરાચાર્યે જેમના ઉપર ભાષ્ય લખ્યા છે તે ૧૧ ઉપનિષદ). મહર્ષિ વાલ્મીકિ રચિત 'રામાયણ', કપિલ ભગવાનનું 'સાંખ્યદર્શન', પતંજલિનું 'યોગસૂત્ર', 'બ્રહ્મસૂત્ર', 'મહાભારત','ગીતા', 'ભાગવત', 'પુરાણ' અને શ્રી તુલસીદાસજી રચિત 'રામરચરિત માનસ' વગેરે.

અધ્યાત્મવિદ્યાનું નિરૂપણ કરતાં આ તમામ ગ્રંથો ઉપકારક છે પણ જનસામાન્ય સુધી વિસ્તરણ કરનારા ચાર ગ્રંથો લોકભોગ્ય સિદ્ધ થયા છે. રામાયણ, મહાભારત, ગીતાજી અને ભાગવત. એટલે આ પુસ્તકોનો સરળ, રસિક, ગદ્ય—પદ્યમાં આસ્વાદ કરાવવાનું પસંદ કર્યું છે અનેક નામી—અનામી લેખકો, કવિઓ અને ચિંતકોએ. જેમકે, લોકમાન્ય તિલક, રાજાજી, કનૈયાલાલ મુનશી, શ્રી અરવિંદ, ગાંધીજી,

નાનાભાઈ ભટ્ટ, હરીન્દ્ર દવે, પાંડુરંગ શાસ્ત્રી, સ્વામી સચ્ચિદાનંદ, દર્શક, ગુણવંત શાહ, ભાણદેવજી, દિનકર જોશી વગેરે.

**લોકકેળવણીનું માધ્યમ : રામકથા અને તેનો સ્રોત રામાયણ**

બીજી તરફ આ વિચારકોના પુરુષાર્થને વિશાળવર્ગ સુધી પહોંચાડવાનું સ્તુત્ય, ભગીરથ કામ કર્યુ છે આપણા કથાકારોએ. તેઓ સ્થાનિક દાતાઓની સહાયથી ૭ થી ૯ દિવસ ભાગવત કથા, રામકથા, ગાંધીકથા વગેરેનું આયોજન કરે છે. રામકથા ભવ્ય અને દિવ્ય ગ્રંથ રામાયણ, શ્રીરામચરિત માનસ અંગે શ્રી ભાણદેવજીએ ૨૦૨૨માં પ્રસિદ્ધ તેમના પુસ્તક 'શ્રી મંગળ રામકથા'માં સવિસ્તર વિશ્લેષણ કર્યુ છે. રામકથાને શબ્દબદ્ધ કરનાર ધનજીભાઈ કાવર રામાયણની ઉપકારકતા અંગે નોંધે છે, 'રામાયણ એટલે રામ + અયન રામનું ચરિત્ર'. સંસ્કૃતિ, પ્રકૃતિ અને વિકૃતિ આ ત્રણેય પ્રકારની વિચારધારાનું વિશ્લેષણ આ ગ્રંથમાં છે. મર્યાદા પુરુષોત્તમ રામ દ્વારા પ્રતિબિંબિત સંસ્કૃતિ, હનુમાનજી અને વાનર સમૂહ દ્વારા અભિવ્યકત પ્રકૃતિ અને મૂલ્યસંહારક રાક્ષસો દ્વારા વ્યકત વિકૃતિ. રામાયણ એ વિકૃતિના ધ્વંસ માટેની કથા છે.

**શિક્ષણસંસ્થામાં રામકથા :**

લોકભારતીનો ધ્યાનમંત્ર છે : ।। અવિદ્યયા મૃત્યું તીર્ત્વા વિદ્યયાઅમૃતંઅશ્નુતે ।।

ઈશ ઉપનિષદનો આ મંત્ર એટલે અર્થસભર, શ્રેષ્ઠ, સંપૂર્ણ જીવન જીવવા માટેની માસ્ટર કી. વિદ્યા બે પ્રકારની છે : એક અવિદ્યા : એટલે ભૌતિકવિદ્યા. તેના દ્વારા મૃત્યુપર્યંત આજીવિકા, સુખ, સંપત્તિ, સત્તા પ્રાપ્ત કરી શકાય છે જયારે બીજી છે અધ્યાત્મવિદ્યા જેનાથી કોઈ બાહ્ય સાધનો વિના નિરંતર આંતરિક આનંદ, શાંતિ, અમૃતતત્ત્વની અનુભૂતિ થાય છે.

જે સંસ્થાનો આદર્શ જ બંને વિદ્યાનો સમન્વય હોય ત્યાં રામકથાનું આયોજન એટલે ધર્મના તત્ત્વદર્શન અંગેની ગુણસંવર્ધક શિબિર. માનવજાતના સર્વાંગી ઉત્થાન માટે પ્રવૃત્ત લોકભારતીના અધ્યાપકો, કાર્યકરો, વિદ્યાર્થીઓ અને બૃહદ પરિવારને રામકથા સંદેશ આપે છે ત્યાગ અને સમર્પણ, આદર્શ અને આત્મવિશ્વાસનો. આ ગ્રંથના દરેક ચરિત્રની વિશેષતા, ગુણગ્રાહીતા છે : દશરથ રાજાનું વચનપાલન, 'રઘુકુલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય અરુ વચન ન જાય'. સત્ત્વગુણી ભગવતી સીતાજીનો સતીધર્મ, ભરતની સત્તા માટેની વાસના વિનાની અનાસકિત, સેવકવૃત્તિ, લક્ષ્મણની બંધુભાવના, ગીધરાજ જટાયુની નિઃસ્વાર્થ સાહસિકતા, શબરીની પ્રેમલક્ષણાભકિત, અખૂટ તીવ્ર શ્રદ્ધા, ધૈર્ય, બુદ્ધિમતામ્ વરિષ્ઠમ્. જ્ઞાનવાન સંસ્કાર સંપન્ન બ્રહ્મચારી વિશુદ્ધ વાયુપુત્ર હનુમાન. જયાં રામત્વ ત્યાં હનુમાનત્વ. જેમ આત્માનું વાહન પ્રાણ છે તેમ રામનો મહાપ્રાણ હનુમાન છે અને શ્રી રામજી આપણા સૌમાં જીવ ચેતના છે તેમ રામનો મનુષ્યરૂપે જન્મ થયો છે પણ તેમનામાં ભાગવત ચેતના છે. પરમાત્માએ તેમને મહામાનવ તરીકે શકિત આપી છે. એટલે તેઓ ઈશ્વરના પ્રતિનિધિરૂપ ભગવાન છે.

શ્રીરામચરિત માનસમાં નારદજીએ તેમના ૧૬ ગુણો વર્ણવ્યા છે. સત્યવકતા, કર્તવ્યપાલન, વીર્યવાન, ધર્મજ્ઞ, કૃતજ્ઞ, સદાચારી, વિદ્વાન, સમર્થ, આત્મવાન, મનને વશમાં રાખનાર, જીતક્રોધ - ક્રોધને જીતનાર, ધૈર્યવાન, અનસૂયક — કોઈની નિંદાથી પર વગેરે. રાવણ પર વિજય મેળવ્યા પછી રામનો રાજયાભિષેક થાય છે. રાજા રામ સવારે ૨:૩૦ વાગે ઉઠે છે. ૩:૩૦ વાગે ગુપ્રો સાથે સંવાદ કરે છે. લોકોની ફરિયાદ સાંભળી તેનું નિવારણ આપે છે. રામ માત્ર ધર્મજ્ઞ - ધર્મના જાણકાર જ નથી. તે ધર્મનિષ્ઠ છે. ધર્મનું આચરણ કરે છે તેથી તેમના શાસનને રામરાજયની ઉપમા અપાય છે.

રામાયણના તમામ પાત્રોની લાક્ષણિકતાઓનું આપણે અર્ધજાગૃત મનમાં જો સંગ્રહિત કરીશું તો અભય, વિશાળતા, વ્યાપકતા, ઉદારતા, નમ્રતા જેવી દૈવીવૃત્તિઓનો સંચાર

થશે અને ફલસ્વરૂપ લોકભારતીના સ્થાપકો, ઋષિઓએ સેવેલા મિશન, વિઝનને ચરિતાર્થ કરવામાં આપણે યોગદાન આપી શકવા સક્ષમ બનીશું.

**સમાપન :**

રામકથા એ દશરથનંદન માનવરામની કથા છે. તેની સાથે આતમરામની અધ્યાત્મયાત્રાની મનોહરકથા છે. પાંચ જ્ઞાનેન્દ્રીયો, પાંચ કર્મેન્દ્રીયોરૂપી દસ ઘોડાવાળા રથના ચાલક એટલે સાત્ત્વિક ચિત્તવાળા દશરથ. તેમના પુત્ર રામ એટલે આતમરામ. અધ્યાત્મના યજ્ઞમાં અહંકારીવૃત્તિઓ વિઘ્નરૂપ બને છે ત્યારે રામ તે વૃત્તિઓનો નાશ કરે છે. પૂ.બાપુએ રામકથાની પ્રસ્તાવના બાંધી આપી છે. હવે રામકથાના મર્મને પામવા રામને જાણવા- પામવા રામનામ સાથે રામકાર્યની આહલેક જગાડવા લોકભારતીના જિજ્ઞાસુ અધ્યાપકો, વિદ્યાર્થીઓ જો સ્વાધ્યાયનો શુભારંભ કરશે તો તામસીવૃત્તિમાંથી રાજસીવૃત્તિ અને રાજસીવૃત્તિમાંથી સાત્ત્વિકવૃત્તિના સમર્થ સ્વામી બની શકાશે.

એક અજ્ઞાત કવિની રચનાથી સમાપન કરીએ...

મોરારિબાપુએ કીધું છે એટલે
કીધું છે એટલે જ જીવે છે, કીધું છે એટલે જ જીવે છે
નક્કર જીવવાથી મનિયો બહુ બીવે છે
ચારે પા ભર્યું ભર્યું ઉઘાડું આભ
છતાં નિરખે ના ઉઘાડી આંખે
પંખી પણ જાણે છે ઊડવું જો હોય તો
ઊડવાનું પોતાની પાંખે.

પૂ. બાપુએ લોકભારતી પરિવારને તેમજ વ્યાપક સમાજને ત્રીજી આંખ અને પાંખ બંને આપ્યા છે તેમને વંદન.

(ડી–૨૦૪, અભિષેક એન્ટિલિયા, સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે, પુનિત નગર, ન્યુ સમા રોડ, વડોદરા – ૩૯૦૦૨૪, મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

રામ સાક્ષાત્ ધરમરથ છે.

રામ મર્યાદાપુરુષોત્તમ કરતાં પણ વિવેક પુરુષોત્તમ વધારે છે. તુલસીનો રામ સાંપ્રદાયિક નથી, જેમને રામનાં ચરણમાં પ્રેમ નથી એ પરમારથ-પથિક નથી. 'રામ' તો મહામંત્ર છે. રામનામ જપનારાઓએ કોઈનું શોષણ ન કરવું જોઈએ, પરંતુ પોષણ કરવું જોઈએ. રામ પરમાર્થરૂપ છે. કૃષ્ણ પુરુષાર્થરૂપ છે અને હરિ પ્રસન્નતારૂપ છે.રામ તત્ત્વતઃ બ્રહ્મ છે, તેમ વ્યાપક ભુવનેશ્વર છે. નિરંતર ગતિશીલતાનું નામ છે રામ; નિરંતર વિકસિત થવાનું નામ છે રામ. તુલસી કહે છે, રામનામમાં પહેલાં ર-અ-મ એ ત્રણેય વર્ણમાં રકાર એ અગ્નિતત્ત્વ છે; અકાર એ સૂર્યતત્ત્વ છે અને મકાર ચંદ્રતત્ત્વ છે. અગ્નિ કચરાને બાળી નાખે છે. સૂર્ય અંધારાને ભગાડી દે છે. ચંદ્ર શીતળ ચાંદનીમાં આપણને વિશ્રામ આપે છે. રામનામ લેવાથી માણસના ભીતરનો અગ્નિ પેદા થાય છે. રામનામ એટલે પરમનું નામ. પરમતત્ત્વનું નામ રામ છે. મારો આગ્રહ નથી કે રામનામ જ. આ હું વર્ષોથી બોલું છું.આખી દુનિયા જાણે છે. હું મારા રામને સીમિત કરવા નથી માંગતો. કૃષ્ણનામ, દુર્ગાનામ, શિવનામ તમે જેમનામાં શ્રદ્ધ હોય એ નામ લઈ શકો છો. પરંતુ તુલસીદર્શનમાં રામનામને પ્રણવના પર્યાય તરીકે પણ સ્વીકારાયું છે. પ્રણવ એટલે કે ૐકાર. રામનામ વેદનો પ્રાણ છે. જો રામ ન હોય તો વેદ નથી રહેતા. જેવી રીતે પ્રાણ ન હોય તો શરીર શબ બની જાય છે. પરમ ઊર્જાનું નામ રામ છે. એ નામની વંદના હું કરું છું. નામનો મહિમા ગજબ છે. રામે જે ત્રેતાયુગમાં કર્યું એ રામનામ કળિયુગમાં કરી શકે છે. આપણે એ રામનામનો આશ્રય કરીએ.

(મોરારિબાપુ)

## ૦૬ લોકભારતીને આંગણે વિદ્યાપીઠ અને વ્યાસપીઠનો સંગમ

**નીતિન વડગામા**

---

કેળવણીના જંગમ તીર્થસ્થાન સમી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ છેલ્લા સાતેક દાયકાથી લોકાભિમુખ શિક્ષણની ધૂણી ધખાવીને બેઠી છે, તો સમાંતરે મોરારિબાપુની વ્યાસપીઠ પણ લગભગ એટલા જ સમયથી રામકથા દ્વારા લોકશિક્ષણનું કાર્ય કરી રહી છે. લોકભારતીમાં જીવનલક્ષી કેળવણીના પાઠ ભણાવાય છે અને કથાના માધ્યમથી બાપુ દ્વારા પણ આખરે તો ધર્મદર્શન કે તત્ત્વદર્શનની સાથોસાથ જીવનજાગૃતિનો સંદેશ અપાય છે. એ રીતે આ વિદ્યાપીઠ અને વ્યાસપીઠનું કાર્યક્ષેત્ર ઘણેબધે અંશે સરખું છે. આ બંને પીઠ એમ વૃત્તિએ, વિચારે અને વ્યવહારે એક જ પંગતમાં બેસે છે. મોરારિબાપુએ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૩થી ૭ જાન્યુઆરી, ૨૦૨૪ના દિવસોમાં લોકભારતીને આંગણે રામકથાનું ગાન કર્યું ત્યારે જાણે કે વિદ્યાપીઠ અને વ્યાસપીઠનો રૂડો સંગમ થયો. એમ કહીએ કે બાપુની રામકથાથી લોકભારતીમાં કથા અને કેળવણી વચ્ચે સેતુ રચાયો.

ભાવનગર જિલ્લાના સણોસરાના પાદરમાં આવળ, બાવળ, બોરડી અને ખીજડાથી ઘેરાયેલી એ સમયની ‘આવળિયાટ’ જગ્યા આજે આંબા, લીમડા, નાળિયેરી અને ચીકુડીથી સોહી રહી છે અને એમ, એ વખતના વેરાન વગડાએ આજે જાણે કે હરિયાળું રૂપ ધર્યું છે. ૨૮ મે, ૧૯૫૩, વૈશાખી પૂર્ણિમા-બુદ્ધજયંતીના દિવસે સણોસરાની ધર્મશાળામાં કાકાસાહેબ કાલેલકરના હસ્તે લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપના થઈ હતી, જે આજે એકસો પાંસઠ એકરમાં આંતર-બાહ્ય સંપદાથી સમૃદ્ધ છે.

લોકભારતી વિદ્યાર્થીઓને કેવળ પદવી કે પ્રમાણપત્ર નથી આપતી, પરંતુ સમગ્ર જીવનની લોકાભિમુખ એવી નઈ તાલીમી કેળવણીથી દીક્ષિત કરે છે. અહીં નિયત અભ્યાસક્રમના પાઠ શીખવવાની સાથે શીલ અને સંસ્કારના પાઠ પણ ભણાવાય છે. અહીં જીવનને શિક્ષણનું અભિન્ન અંગ માનવામાં આવે છે અને કેવળ પુસ્તકિયું જ્ઞાન જ નથી અપાતું પરંતુ આજીવિકા અને આત્મનિર્ભરતાની ઉપકારક એવી સમજણ પણ આપવામાં આવે છે. લોકભારતીના સ્વપ્નદૃષ્ટા નાનાભાઈ ભટ્ટે લોકભારતીનું સપનું સાકાર કર્યું અને પછીથી મનુભાઈ પંચોળી ’દર્શક’, મૂળશંકર ભટ્ટ અને ન.પ્ર. બુચ જેવા વંદનીય વિદ્યાપુરુષોએ એનો ઉછેર કર્યો. આજે અરુણભાઈ દવે લોકભારતીને જીવંત રાખવા એનું જીવની જેમ જતન કરે છે.

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ જૂન, ૨૦૨૨થી ‘લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન’નો દરજ્જો પામી છે. એમ કહીએ કે લોકભારતીરૂપી હંસલાએ નવાં ક્લેવર ધર્યાં છે. લોકભારતી પ્રત્યે પ્રેમાળ પક્ષપાત ધરાવતા મોરારિબાપુ લોકભારતી યુનિવર્સિટીના શુભારંભના સાક્ષી બન્યા અને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો. એ રાજીપાનો રેલો એવો તો લંબાયો કે લોકભારતીના સંરક્ષણ-સંવર્ધન માટે અનુદાન મળે એવા શુભાશયથી રામકથા પણ આપી.

’માનસ-લોકભારતી’ વિષય પર કેન્દ્રિત થયેલી આ રામકથામાં લોકભારતીનું બીજ વાવનાર નાનાદાદા અને પછીથી એને ઉછેરનાર મનુદાદા, મૂળશંકરદાદા અને બુચદાદાનું ગુણસંકીર્તન થયું, લોકભારતીનું મહિમાગાન થયું અને સમાંતરે ’લોક’ અને ’ભારતી’ વિશેનો તાત્ત્વિક સંવાદ પણ થતો રહ્યો. બાપુએ નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોલી, મૂળશંકર ભટ્ટ અને ન. પ્ર. બુચને અનુક્રમે આ સંસ્થાના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તરીકે ઓળખાવીને કહ્યું કે

નાનાદાદા વિશેષણમુક્ત ધર્મ છે; મનુદાદા રૂપિયા-પૈસામાં નહીં પરંતુ પારમાર્થિક અર્થ છે; મૂળશંકર દાદા કાયાકેન્દ્રિત કામ નહીં, કાર્યકેન્દ્રિત કામ છે અને બુચદાદા મોક્ષ છે. આ મહાપુરુષોએ જે તપ કર્યું છે એને મારી તલગાજરડી દૃષ્ટિએ આ રીતે જોયું છે.

બાપુએ સંસ્કૃત શબ્દકોશ તથા 'ભગવદ્ગોમંડળ'માં અપાયેલા 'લોક' અને 'ભારતી' શબ્દોના અર્થો પણ દર્શાવ્યા અને 'માનસ'નાં પાત્રો-પ્રસંગોમાં 'લોક' અને 'ભારતી' ક્યાં અને કઈ રીતે ચરિતાર્થ થાય છે, એ પણ આંગળી મૂકીને ચીંધી બતાવ્યું. કથાને અંતે બાપુએ એવો નિષ્કર્ષ પણ રજૂ કર્યો કે 'માનસ' સ્વયં લોકભારતી છે, કારણ કે એમાં લોકની વાત પણ છે અને 'ભારતી'ની વાત પણ છે; એમાં લોકનું મૌન પણ છે અને ભારતી-સરસ્વતીની મુખરતા પણ છે. આ રામકથા લોક અને શ્લોકનો સમન્વય છે.

પ્રસંગોપાત્ત બાપુએ લોકસમાજને લોકજાગૃતિનો સંદેશ પણ આપ્યો. એ રીતે જીવનલક્ષી કેળવણી દ્વારા સમાજને જાગૃત કરતી વિદ્યાપીઠ અને કથા દ્વારા જનજાગરણનું કામ કરતી વ્યાસપીઠનું ગોત્ર એક જ હોય એવો અહેસાસ પણ થઈ આવ્યો. લોકભારતી એ દક્ષિણામૂર્તિનું અનુસંધાન છે ત્યારે બાપુએ દક્ષિણામૂર્તિનું વિશિષ્ટ અર્થઘટન કરીને એનું માહાત્મ્ય પણ વર્ણવ્યું. રોજ કથાના પ્રારંભમાં સંસ્થાનાં છાત્રો-છાત્રાઓ દ્વારા જુદાં જુદાં પદોની સાંગીતિક પ્રસ્તુતિ થઈ તેમજ શબરી, કૈકેયી, કેવટ, ઊર્મિલા, જટાયુ, વાલિયો-વાલ્મીકિ, વિભીષણ તથા ખિસકોલીનાં પાત્રોની સુંદર એકોક્તિઓ પણ રજૂ થઈ. એ દ્વારા આખરે તો એક શિક્ષણસંસ્થા તરીકેની લોકભારતીની આગવી વ્યક્તિતા પણ ઊપસી આવી.

કથાના નવ દિવસ દરમિયાન વ્યાસપીઠના શ્રવણની સમાંતરે વિદ્યાપીઠનાં દર્શનનો લાભ પણ મળ્યો. વ્યાસપીઠ પરથી વ્યક્ત થયેલા આધ્યાત્મિક વિચારો ઝીલીને ધન્ય થવાયું, તો સંસ્થાની પ્રકૃતિ અને પ્રવૃત્તિની મોઢામોઢ પણ થઈ શકાયું. એ રીતે 'ગ્રામવિદ્યાપીઠ' શબ્દને સાર્થક કરતી આ સંસ્થાનું નિકટ દર્શન થઈ શક્યું. આ દિવસોમાં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ અને ચારિત્ર્યઘડતરની ખેવના કરતાં આ કેળવણી-તીર્થમાં નિમજ્જન કરવાનું બન્યું. દૂર રહીને સંસ્થાની ગતિવિધિઓનું અવલોકન કર્યું તેમજ કેટલાંક છાત્રો-છાત્રાઓને મળીને એમની નજરે સંસ્થાને નિહાળી ત્યારે આ સંસ્થાની સાચી ઓળખ પણ મળી. પી. ટી. સી.ની વિદ્યાર્થિની માનસી જાનીએ સંસ્થાની દૈનંદિન પ્રવૃત્તિઓનો આલેખ આપવા ઉપરાંત અહીંના સમૂહજીવનનો આનંદ પ્રગટ કર્યો, તો બી. આર. એસ.ના વિદ્યાર્થી રાજેન જાનીએ પણ સંસ્થાની સુવિધાઓ, શૈક્ષણિક તથા શિક્ષણેતર પ્રવૃત્તિઓ અને પારિવારિક ભાવનાની સરાહના કરી.

કથાના દિવસો દરમિયાન રોજ સાંજે બાપુ કેટલાંક ગામડાંઓમાં જઈને લોકસમુદાયને મળ્યા ને એમણે વાડીઓમાં રાત્રિરોકણ પણ કર્યું. એ રીતે સવારે વ્યાસપીઠ પરથી વહેતો લોક-મહિમા સાંજે ચરિતાર્થ પણ થતો રહ્યો! સણોસરાના સરપંચે તો વળી એમ પણ કહ્યું કે બાપુ, આપની કથાથી આ પંથકને સત્સંગનો લાભ તો મળ્યો, પણ લોકભારતી અને સણોસરા વચ્ચે વરસોથી થોડું અંતર હતું એ પણ દૂર થયું! રામકથાની આ પણ કેવી મોટી ઉપલબ્ધિ!

લોકભારતીમાં યોજાયેલી આ રામકથાની નિમંત્રણ-પત્રિકામાં તથા જુદીજુદી જગ્યાએ લગાવેલાં કથાનાં બેનર્સમાં ખિસકોલીનું ચિત્રાંકન કરવામાં આવ્યું હતું. એ ચિત્રાંકન આખરે તો લોકભારતીના નિરામય દીર્ઘાયુ માટે સૌને યથાશક્તિ અનુદાન માટે હાથ લંબાવવાનો સાંકેતિક સંદેશ આપતું હતું. લોકભારતી માટેની એ અપેક્ષા સાર્થક થતી હોય તેમ વ્યાપક લોકસમુદાય દ્વારા એ સંદેશ ઝિલાયો તેમજ બાપુની વ્યાસપીઠ પરનો ભરોસો પણ ભારોભાર વરસ્યો!

કથાના આરંભે જ બાપુએ ચિત્રકૂટધામ ટ્રસ્ટ, તલગાજરડા દ્વારા સવા લાખ રૂપિયાનું તુલસીપત્ર અર્પણ કર્યું અને બાપુએ કરેલી અપીલને પરિણામે દેશ-વિદેશથી

સહાયની સરવાણી વહેતી થઈ. કથા-વિરામના દિવસે સંસ્થાના નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિના જણાવ્યા મુજબ કુલ અગિયાર કરોડનું અનુદાન એકઠું થયું. મોરારિબાપુની વ્યાસપીઠ માત્ર વચનાત્મક નથી પરંતુ રચનાત્મક પણ છે, એનો વધુ એક વખત આપણને અનુભવ થયો. બાપુની વ્યાસપીઠ કોરેકોરો ઉપદેશ નથી આપતી પરંતુ સમાજોપકારક પ્રવૃત્તિમાં સહાયક બનવાનું પુણ્યકાર્ય પણ કરે છે, એનો ફરી એક વખત જીવતો પુરાવો મળ્યો.

આ રામકથાના નિમિત્તમાત્ર મનોરથી હતાં વિદેશમાં વસતાં વિવેકમૂર્તિ હર્ષાબા ગોહિલ. એમના વતી જલારામબાપા (વીરપુર)ના પરિવારજન શ્રી ભરતભાઈ ચાંદ્રાણી અને મહુવાના શ્રી ચિમનભાઈ વાઘેલાએ સ્થાનિક વ્યવસ્થા સંભાળીને મનોરથી પરિવાર અને લોકભારતી સંસ્થાનો સઘળો ભાર હળવો કરી દીધો હતો તેમજ ‘સંગીતની દુનિયા’ પરિવારે કથાને લોક સુધી પહોંચાડવા માટે સુચારુ સંયોજન કર્યું હતું.

બાપુ પ્રસંગોપાત્ત આસ્થા, અવસ્થા અને વ્યવસ્થાની પ્રસ્થાનત્રયીનો મહિમા કરતા હોય છે. આ કથામાં પણ શ્રોતાસમુદાયની વ્યાસપીઠ પરની આસ્થા અને ભરોસાથી ભીની એવી અવસ્થાનો અનુભવ થયો, તો સાથોસાથ સ્થાનિક સંસ્થા લોકભારતીની સુચારુ વ્યવસ્થાનો પરિચય પણ થઈ આવ્યો. રામકથાના સમગ્ર આયોજનમાં લોકભારતી-પરિવારના કાર્યકરો અને વિદ્યાર્થીઓની સહભાગિતાની સોડમ વછૂટતી હતી. બાપુએ કથાની તારીખ આપી ત્યારથી આ પરિસરમાં આંગણે આવનારા અવસરનો અનેરો ઉત્સાહ વરતાતો હતો. શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જેવા સંસ્થાના સૂત્રધારોના માર્ગદર્શનમાં સર્વશ્રી વિશાલ ભાદાણી, વિશાલ જોશી, નીતિન ભીંગરાડિયા, દિનુભાઈ ચુડાસમા તથા અન્ય કાર્યકર ભાઈઓ-બહેનો તેમજ છાત્ર-છાત્રાઓએ ભિન્ન-ભિન્ન જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. કથાના આરંભે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા વરિષ્ઠ સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ આપેલા આવકારમાં તથા બીજે દિવસે અરુણભાઈ દવેએ પ્રસ્તુત કરેલી કથાની ભૂમિકામાં પણ આદરભાવનો બુલંદ પડઘો પડ્યો હતો. લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં એમ, રામકથા નિમિત્તે બાપુની વ્યાસપીઠ પરથી હેત વરસ્યું અને સંસ્થાને સહાયક થવાનો હેતુ પાર પડ્યો; મનોરથી-પરિવાર પર કરુણાની અમીવૃષ્ટિ થઈ અને કથાના શ્રોતાઓએ સત્સંગનું ભાથું બાંધ્યું.

**આંતર ઐશ્વર્ય**

એક બાદશાહ પોતાના મહેલમાં દરબાર ભરીને દરબારીઓ સાથે વિચાર-વિમર્શ કરતો હતો તે સમયે એક ચીંથરેહાલ માણસ આવ્યો. બાદશાહે ધ્યાન આપ્યું નહીં. થોડાક સમયમાં એક શેઠ જેવો માણસ આવ્યો તો બાદશાહે એનું ઊભા થઈને સ્વાગત કર્યું. દરબારીઓની ચર્ચા-વિચારણા પૂરી થઈ.

એ પછી બાદશાહ પેલા ચીંથરેહાલ માણસને સ્નેહાદર સાથે વળાવવા છેક દરવાજા સુધી સાથે ગયા પણ પેલા ધનિક શેઠને વળાવવા ગયા નહીં આ બધું જોતા વઝીરે બાદશાહને પૂછયુંઃ ‘ આવું તમે કેમ કર્યું ? આવ્યા ત્યારે ધનવાનને આદર અને પરત ગયા ત્યારે ચીંથરેહાલ વ્યકિતનું સન્માન ? ’

બાદશાહઃ ‘કોઈ માણસ પ્રવેશે છે ત્યારે કપડાંનું-દેખાવનું સન્માન થતું હોય છે પરંતુ જાય છે ત્યારે એના વિચારોનું સન્માન થાય છે.’

વઝીરઃ ‘એવું આકલન કેવી રીતે ? ’

બાદશાહઃ ‘આપણી સાથે ચર્ચામાં ધનવાન માણસના વિચારો અર્થહીન અને નકારાત્મક હતા જયારે ચીંથરેહાલ વ્યકિતના વિચારો અર્થપૂર્ણ અને હકારાત્મક ઊર્જાવાન હતા.’

## ૦૭ પોથી દિવેલથી લોકભારતીની વાટ સંકોરણ...

**તખુભાઈ સાંડસુર**

---

આઝાદી પછીનો એ સમયગાળો કે જ્યારે સમગ્ર ભારત અભાવના થીગડાંઓમાં કોસાતું હતું. માણસ પ્રાથમિક જરૂરિયાત પૂરી કરવા માટે બિહાર કે ઓરિસ્સા જેવા રાજ્યોમાં પોતાના શરીર પર પ્રકાશ ન પડી જાય એની ખેવના કરવા માટે ઝૂંપડામાં ગોધાઈ રહેતો હતો. તેવા કપરા સમયે સૌરાષ્ટ્રના ગોહિલવાડ પરગણામાં શિક્ષણના ફકીર તરીકે જેને વ્યાખ્યાયિત કરી શકાય તેવા નાનાભાઈ ભટ્ટ દક્ષિણામૂર્તિની મૂર્તિ હાથમાં ઝાલી આંબલાની વાટ પકડે છે. ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાની સ્થાપના કર્યા પછી તેને લાગે છે કે હજુ સમાજના છેવાડાના વંચિત અને અદના માણસને જગાડવા માટે કંઈક ખૂટે છે. એટલે આબંલાથી માત્ર ચાર-પાંચ માઈલના અંતરે સણોસરામાં ચીપિયો ખોડીને નાનાભાઈ એક બીજો ધૂણો લોકભારતીના નામનો ધખાવે છે.

આજે હવે સને ૧૯૫૩થી શરૂ થયેલી આ શિક્ષણની મંગલયાત્રા પહોંચી છે. આ ભૂમિમાં સાત દાયકા પછી મોરારિબાપુ લોકભારતીના કોડિયામાં દિવેલ પુરીને દિવાની વાટને સંકોરવા માટે રામચરિત માનસની પોથી લઈને સણોસરામાં તા.૩૦મી ડિસેમ્બર ૨૦૨૩ના મંગળદિને પધારે છે. લોકભારતી સંસ્થા મૂળભૂત રીતે ગ્રામોદ્ધાર, વંચિત - પીડિતનું કલ્યાણ અને માનવઘડતરના ચાકડા તરીકે પોતાની ઓળખ સ્થાપિત કરી શકી છે. તેનું શ્રેય તેના અધિષ્ઠાતા સ્થાપક પૂજ્ય નાનાભાઈ ભટ્ટના પલડામાં જાય છે. કાકાસાહેબ કાલેલકરના વરદહસ્તે આરંભાયેલું. આ મંગલકામને શિક્ષણના નવા પરિપ્રેક્ષ્યમાં, લોકસમુદાયના અલગ વિચારના કારણે મોરારિબાપુ માનસ લઈ પધાર્યા.

બાપુનું કાર્ય અનેક તબક્કાઓમાંથી અને ગંગાની જેમ વિવિધ વળાકો લેતું લેતું નીતનવીન, વણકલ્પેલા ઘાટોને સ્પર્શીને સૌને પાવન કરી રહ્યું છે. બાપુ ગુજરાતના નહીં પરંતુ ભારતના શિક્ષણ, સાહિત્ય, સંસ્કૃતિ, પરંપરા, ઈતિહાસ વગેરેના જ્યોતિર્ધર તરીકે અનેક પ્રકારના આયામો અને ઉપક્રમોથી સૌને કૃતકૃત્ય કરતાં રહ્યા છે. લોકભારતીના વડા શ્રી અરૂણભાઈ દવેના જણાવ્યા મુજબ

'આ સંસ્થાની હવે બે કૉલેજો બંધ થઈ ગઈ હતી અને મારી એ પીડા હતી કે હવે શું થશે ! ત્યારે હું બાપુ પાસે જાઉં અને કશું બોલ્યા વગર ગળગળો થઈને હળવો થઈને બહાર નીકળું. બાપુ મારામાં પડઘાતા સ્પંદનોને પારખીને આ સંસ્થાને દિવેલ પુરવા રામબાણ ઈલાજ બનીને આજે આ કાર્ય કરી રહ્યાં છે તેનો હું રાજીપો વ્યક્ત કરું છું.'

શ્રી અરુણભાઈના આ શબ્દોમાં બાપુના ધૂપિયામાંથી નીકળતા ધૂપની અનુભૂતિ સૌ કરી શકે છે. બાપુએ કહ્યું કે,

'હું તો શું કરી શકું ! કોઈનો ઉદ્ધારક કદી નથી અને રહેવા પણ ઈચ્છતો નથી પરંતુ જ્યાં જ્યાં સત્કાર્ય થાય છે અને તેના માટે કોઈ મૂંઝવણ અનુભવે ત્યારે હું તેને કઈ રીતે ટેકો કરું ! તેના ખભે હાથ રાખું જેથી સદપ્રવૃત્તિને નવા કલેવર આપીને વધુ વેગવંતી બનાવવા મનોરથ કરું. મેં એ જ અભ્યર્થનાથી આ સંસ્થાને બીજું તો શું આપી શકું? પરંતુ આ કથા આપવાનો મનસુબો પાર પાડ્યો અને આજે આપણે સૌ સાથે છીએ.'

જે કોઈ મોરારિબાપુના જીવનની સુગંધ પામી શક્યાં છે તેમને તે પરિચયની કે ઓળખની જરૂર નથી, પરંતુ કોઈ નવી સીમાઓ સુધી જ્યારે આ વાતને રાખવી હોય તો જરૂર કહી શકાય કે બાપુએ કદી કોઈ માટેકશુઆપવાની આહલેક્ કરી હોય તેવા દાખલાઓ બહુ ઓછાં છે. પરંતુ બાપુએ આ

સંસ્થા માટે જે હાંકલો પાડ્યો અને એક જ હોંકારે સાત - આઠ કરોડ જેવી રાશિ એકત્રિત થઈ છે, અને હજુ આ હૂંડીમાં રાણીસિક્કાઓનો ખણખણાટ ચાલુ છે. ત્યારે એવું ચોક્કસ કહી શકાય કે બાપુને આ સંસ્થાના પ્રતિષ્ઠાક તરીકે ભલે ન ગણીએ પણ એક મંદિરના પૂજારી તરીકે તેઓએ આવીને દીવડાઓની વાટને ચીપિયાથી સંકોરવાનુ કાર્ય કર્યું છે. તેને ગ્રામજગત, શિક્ષણજગત અને લોકભારતીનું કાર્યવાહક મંડળ કદી વિસરી શકે તેમ નથી. બાપુએ ન માત્ર ભંડોળ એકત્રિત કર્યું પરંતુ કથાની વ્યવસ્થાઓ માટે પણ બાપુની દીર્ઘદ્રષ્ટિએ આ સંસ્થા માટે હળવાશ બનીને સતત શીતળતાનો લેપ કરી રહી છે. તે અનુભવ સંસ્થા સાથે જોડાયેલાં તમામ કાર્યકર્તાઓ આ કથાના માધ્યમથી કરી રહ્યા છે. લોકભારતીને સને ૨૦૨૧થી એક ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો છે ત્યારે બાપુના મૂળમંત્ર ‘સેવા’ને અધિક ધારદાર બનાવી સંસ્થા જરુરિયાતમંદોનુ રામકાર્ય બળવતર બનાવશે તેવો સૌએ આશાવાદ પ્રગટ કર્યો છે. આજે શિક્ષણ એક વાણિજ્ય સંસ્થાનું આંદોલન બનીને રહી ગયું છે ત્યારે લોકભારતી મિશન ફોર નેશન બની રહેશે.

મોરારિબાપુ એ સાંપ્રત, અતિત અને વર્તમાન બધું નથી પરંતુ તે માત્ર મોરારિબાપુ છે.

જય હો !!

bapusaheb1961@gmail.com

રામ-રસાયણ શુદ્ધનું ઉદ્ધારક છે, અશુદ્ધનું વિનાશક છે. રામ-રસાયણ છે. ‘રામચરિત માનસ’ રામ ભલે અગ્નિના પ્રસાદથી જન્મ્યા હોય. જાનકી ભલે જમીનમાંથી જન્મ્યા હોય પણ એ બંનેનાં ચરિત્રનું જેણે ગાયન કર્યું છે એ તો એક સંવેદનમાંથી જ જન્મેલું શાસ્ત્ર છે ‘રામાયણ’. ‘રામાયણ’ સંગીતમય શાસ્ત્ર છે અને તેમાં સાત સ્વરોની સુંદર હાર્મની છે. ‘રામચરિત માનસ’માં રામનો પ્રીતિરસ, શિવનો ધ્યાનરસ અને રાવણનો મહારસ છે. મારા માટે ‘રામચરિત માનસ’ની નવ દિવસની મહેફિલ એક ‘માનસ-મુશાયરો’ જ છે.

‘રામચરિત માનસ’ નિરંતર અમૃત આપનારી કથા છે. કથા આપણને પ્રગલ્ભ બનાવે છે.

પ્રાણ ખોલવાની પ્રક્રિયાનું નામ રામકથા છે. રામાયણ ગૃહસ્થજીવનની એક બહુ મોટી સંહિતા છે.‘રામચરિત માનસ’નો આદિ સત્ય છે, એનો મધ્ય પ્રેમ છે અને એનું સમાપન કરુણામાં થાય છે. રામકથાથી જીવનની શિક્ષા, આધ્યાત્મિક દીક્ષા અને પ્રેમની ભિક્ષા પ્રાપ્ત થાય છે. રામનો ધર્મ સત્ય છે, સીતાનો ધર્મ મર્યાદા છે,ભરતનો ધર્મ પ્રેમ છે.

---

જે કોઈથી ઉદ્વિગ્ન ન થાય,

જે કોઈને ઉદ્વિગ્ન ન કરે તેમજ જેમને નથી હર્ષ કે નથી અમર્ષ એટલે કે ક્રોધ, ઈર્ષા કે ભય એ સાચો સાધક છે. સાવધાન અને સમાધાન એ સાધક માટે બહુ જ આવશ્યક છે. સાધના વ્યકિતની વાણીમાંથી નહીં, વ્યકિતના વર્તનમાંથી જોઈ શકાય છે. જેમનામાં દ્વેષ છે તેઓ સંન્યાસી થઈને પણ ભયંકર સંસારી છે. જેમનામાં દ્વેષ ન હોય તેઓ સંસારમાં રહીને પણ સંન્યાસી છે તેમ માનવું.

(મોરારિબાપુ)

## ૦૮ જિંદગી રિયાજનો મોકો આપતી નથી

**ડૉ. દિનુ ચુડાસમા**

---

ભૂદાનયજ્ઞના પ્રણેતા વિનોબાજીને એક પત્રકારે પૂછ્યું કે: 'આ કળિયુગમાં અહિંસક ક્રાંતિ કઈ રીતે થઈ શકે ? શું તે શકય છે?'

વિનોબા: 'ગ્રામદાનમાં સ્વર્ગમાંથી નદીને નીચે લાવવાની કોશિશ થઈ રહી છે. આ નદી એટલે રામનામની નદી. '

આ રામનામની સરિતાને લઈને પૂજય મોરારિબાપુ ગ્રામાભિમુખ કેળવણીની તપોભૂમિ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં પધાર્યા. પૂ.મોરારિબાપુની ૯૨૯મી રામકથાનો મંગલ શુભારંભ તા.૩૦-૧૨-૨૩થી થયો અને સત્ય, પ્રેમ, કરુણાની જાહન્વી લોકભારતીમાં રેલાઈ, લોકોએ એનું નવ દિવસ રસપાન કર્યું. બાપુ એ આ કથાને નામ આપ્યું: 'માનસ લોકભારતી '

પ્રથમ દિવસે શનિવારના રોજ બપોરે ૦૨:૦૦ કલાકે પોથીયાત્રામાં સણોસરા અને આસપાસના ગ્રામજનો તેમજ સંસ્થાના વિદ્યાર્થીઓ, કાર્યકરો ઉત્સાહપૂર્વક સામેલ થયાં જાણે કથાનિમિત્તે જન-સમાજનો સેતુ સર્જાયો. લોકભારતી સંસ્થાના વિશેષ ઉત્કર્ષ માટે આર્થિક સહયોગ મળે એ માટે બાપુએ આ કથા આપી. કથામનોરથી અમેરિકા સ્થિત આપણા સૌરાષ્ટ્રી શ્રી હર્ષાબા ગોહિલની પ્રેરક ઉપસ્થિતિ હતી. નાનાભાઈની પુણ્યતિથિની આગલી સાંજે લોકભારતીમાં વ્યાસપીઠથી રામાયણી ઊર્જા તલગાજરડી સાધુ પ્રસરાવે છે. રામનામની સરિતા સ્વર્ગમાંથી નીચે લોકભારતીમાં ઊતરી અને ભીંજાયા. જય સિયારામ.

બાપુની પાવન સરવાણીનું પાન શરૂ થયા પૂર્વે કથાના સંચાલક ડૉ.નીતિન વડગામાએ મનોજ ખંડેરિયાની કાવ્યપંક્તિથી કથાઉદ્‌ઘોષણાનો દોર શરૂ કર્યો:

સાવ છાના પગે પાનખર ઘર કરી જાય છે,
કોઈને કંઈ પડી છે જ કયાં !
રાત દિન હર પળે પાનલીલાં ખરી જાય છે,
કોઈને કંઈ પડી છે જ કયાં !
કોણે પ્રગટાવ્યો,વાટ કોણે મૂકી,
તેલ કોણે પૂર્યું? કોને કયાં ખબર !
કંઈ સદીઓનો અખંડદીપ આજે ઠરી જાય છે.
કોઈને કંઈ પડી છે જ કયાં !

કથાના આરંભે રોજ લોકભારતીનું ગાયકવૃંદ પ્રાર્થનાનું ગાયન કરતું,આ પ્રાર્થના કથામાં શુભને પ્રસરાવતું.

પ્રથમ દિવસે જ્ઞાનપીઠ પુરુસ્કૃત સર્જક અને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક વાત મૂકી હતી. પૂજય બાપુએ કથારંભમાં બીજપંકિતઓ ઉદ્‌ગારી હતી:

।। કથા જો સકલ લોક હિતકારી; સોઈ પૂછન ચહ સેલકુમારી.

પૂછેહું રઘુપતિ કથાપ્રસંગા; સકલ લોક જગપાવની ગંગા ।।

વ્યાસપીઠથી બાપુએ કહ્યું કે:

'ત્રિભુવનતીર્થથી નીકળેલી રામકથાની પાવનગંગા આજે તીર્થસ્થાનમાં આવી છે. આપને આનંદ હોય જ, તમે જેને મોરારિબાપુ કહો છો એને ખૂબ આનંદ છે. હું દક્ષિણામૂર્તિ દેવને પ્રથમ પગે લાગું છું. એ આદિદેવ,મૂળપુરુષ,પરમતત્ત્વ દક્ષિણામૂર્તિનું રૂપ લઈને નાનાદાદાએ કેળવણીની સાધનામાં પલાઠી મારી હતી. હું તો નાનાદાદા, દર્શકદાદા, મૂળશંકરદાદા અને બૂચદાદાનું તર્પણ કરવા આવ્યો છું. આ સંસ્થાએ ૭૦ વર્ષથી ધૂણી ધખાવી છે. ધૂણી ધખતી હોય ત્યાં સાધુ બાળકના નાતે જવાની બહુ ઈચ્છા થાય. હું તો સાધુનું બાળક છું, આ જિન્સના સંસ્કાર છે. જયાં કંઈ અજવાળું હોય, તેજખંડ હોય ત્યાં જવાની ટેવ છે. વર્ષોથી લોકભારતીમાં એક ધૂણી ધખે છે.'

આ ધૂણી પ્રજ્વલિત રાખવાની સાધના લોકભારતીના દાદાઓઃ નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી, મૂળશંકર ભટ્ટ, નટવર બૂચ, ઝવેરભાઈ પટેલ, ઈસ્માઈલભાઈ નાગોરી,મનુભાઈ દવે,કૃષ્ણશંકર શુકલ, દલસુખદાદાએ કરેલી... આજે આ અનુષ્ઠાનને ચેતનવંતુ રાખવા માટે લોકભારતીના નિષ્ઠાવાન, આજીવન સેવક અરુણભાઈ દવેએ પ્રણ લીધું છે. ખૂબ જતનપૂર્વક લોકભારતી અને આંબલા,મણાર,માઈધારની સંસ્થાઓને અરુણભાઈ સંભાળી માવજત કરે છે.

'માનસ લોકભારતી'ની કથા લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશનને આર્થિક સહયોગ માટે બાપુએ આપી, હેતસભર ધ્યેય હતો; ગ્રામાભિમુખ કેળવણીની આ જયોત પ્રજ્વલિત રહે,ગામડાંની આ સંસ્થા ગાંધીવિચારનું આચરણ કરતી શિક્ષણ આપ્યાં કરે...ભવિષ્યમાં પણ એમના કોડિયાંનું અજવાળું ઝાંખુ ન પડે માટે પૂજય બાપુએ વ્યાસપીઠ પરથી તલગજરડાં હનુમાનજીની પ્રસાદી રૂપ- તુલસીપત્ર સવાલાખ રૂપિયા આપી સેવાદાન સરવાણીને ખુદથી શરૂ કરી હતી.

આ કથામાં લોકભારતીના છાત્રો દ્વારા રામાયણના પાત્રોની એકોકિતની ભજવણી કથામંચ ઉપર થઈ જેને જોઈને બાપુ અને કથાશ્રવણી લોકો ખૂબ રાજી થયેલાં. બીજું એ કે બપોર પછીના કાર્યક્રમમાં શૈક્ષણિક સંગોષ્ઠિઓનું આયોજન થયું હતું.જેવી કેઃ 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦', 'ગ્રામાભિમુખ સંશોધન અને નવીનીકરણ', 'પ્રાકૃતિક કૃષિ અને કૃષિ પેદાશોનું મૂલ્યવર્ધન' સંગોષ્ઠિમાં આ વિષયના તજજ્ઞોને સાદર આમંત્રણ અપાયું હતું.

'માનસ લોકભારતી'માં રોજ ૨૫ થી ૩૦ હજાર લોકો કથાશ્રવણ કરી પ્રભુપ્રસાદ લેતા હતા. લોકભારતીના પરિસરમાં આસપાસના ગામડાંઓમાંથી આવેલ લોકસમૂહ મોજથી ફરતો જાણે કે મોજિલીયાત્રા હોય. દૂર દેસાવરથી, અલગ પ્રાંતથી આવેલ કથાશ્રાવકોના ઉતારાઓ લોકભારતીમાં,સણોસરા ગામમાં અને સોનગઢ રાખવામાં આવેલ. ગામડું પણ સઘળી વ્યવસ્થા કરી શકે છે, સંપ જોઈએ. સણોસરા ગામના લોકોએ આ કથામાં ખૂબ સહયોગ આપ્યો હતો. ઉમંગ, ઉત્સાહ,અલખની હેલી વરસી રહી હતી...રામ આયેગે તો દીપ ઝળહળશે..નવી રોશની ઉજાગર થશે. નવ દિવસીય રામકથાનું અનુષ્ઠાન આપણા માટે એક અવસર બની ગયું. બાપુ સ્વયં લોકભારતીના પરિસરમાં આવેલ નાનાભાઈ ભટ્ટના નિવાસ સ્થાન - ઋષિકુંજમાં ઊતર્યા. નવ દિવસ આ સ્થાનમાં મોરારિબાપુનો ધૂણો આધ્યાત્મિક ઔરા પ્રસરાવતો એની અનુભૂતિ એટલે પવિત્રાનું સ્નાન, સત્યનું પાન, પ્રેમાનુભૂતિ, કરુણાનું સ્પર્શવું.

નવ દિવસની કથામાં વ્યાસપીઠ પરથી બાપુના શ્રી મુખેથી ઘણાં તલગાજરડી સૂત્રો પ્રગટ થયા. બાપુનું દર્શન તો ગમતાંનો ગુલાલ કરવા માટે હોય છે. તમે પણ પીઓ આ તલગાજરડી અમૃતનેઃ

' રામચરિત્રમાનસ' એ મહામંત્ર જેવો ગોપ્ય,ગૂઢ અને ગહેરો ગ્રંથ છે.'

'રૂપિયો એ બહુરૂપિયો છે. રાવણ કરતા ય મોટો બહારથી કંઈક બતાવે અંદર કંઈક બીજું'

'રૂપિયો ખૂબ જરૂરી છે પણ એને સાધન તરીકે લેવો, સાધ્ય તરીકે નહીં'

' સૌથી મોટી યાત્રા કઈ? અંતરયાત્રા'

'શ્રેષ્ઠ કીર્તન? હરિનામ.'

'શ્રેષ્ઠ પાઠશાળા કઈ? એકાંત.'

'શ્રેષ્ઠ યોગ કયો? વિયોગ અને અશ્રુયોગ.'

'શ્રેષ્ઠ સદ્‌ગુરુ કોણ? ત્રિભુવન ગુરુ મહાદેવ.'

'શ્રેષ્ઠ ધર્મ? સત્ય,પ્રેમ અને કરુણા.'

'શ્રેષ્ઠ માર્ગ? મધ્યમ માર્ગ .'

'શ્રેષ્ઠ કર્મ? નિષ્કામ કર્મ,રસપૂર્વક કરેલું કર્મ.'

'શ્રેષ્ઠ સંગ? સાધુપુરુષનો.'

'સર્વશ્રેષ્ઠ જ્ઞાન? અભિમાનનો ત્યાગ,સર્વમાં સમદષ્ટિ'

'ભકિત કઈ? સેવા અને સ્મરણ.'

'શ્રેષ્ઠ દાન? ક્ષમાદાન.'

'શ્રેષ્ઠ વર્ણ? નિર્વાણ-જે શિવનો વર્ણ છે, શિવ

નિર્વાણરૂપ છે.'

' શ્રેષ્ઠ આશ્રમ? જયાં જવાથી ભ્રમણા અને મોહ જતા રહે.'

'શ્રેષ્ઠ વચન? ગુરુનું વચન.'

'શ્રેષ્ઠ દ્વાર? ગુરુદ્વાર.'

'જીવનની મૌલિક વ્યાખ્યા શી? વન અને ભવનની વચ્ચે જીવતાં શીખવું. આ બાજું સંસાર, આમ સંન્યાસ કોઈ કપડાં બદલવાની જરૂર નહીં.'

'મૃત્યુ એટલે? પ્રમાદ જ મૃત્યુ છે.'

'તપ કયુ? મુસ્કુરાહટ સાથેનું મૌન તપ છે. નિંદાસ્તુતિને સમાન સમજીને જીવવું તપ છે.'

'શ્રેષ્ઠ આધાર? સદ્‌ગુરુની પાદુકા-જો આપણે એ મારગે હોઈએ તો.'

'શ્રેષ્ઠ કુળદેવી? ગુણાતિત શ્રદ્ધા .'

'શ્રેષ્ઠ આહાર? હરિનામ આહાર. '

'આકાશ કયુ? ચિદાકાશ-અંદરનું આકાશ શ્રેષ્ઠ છે.'

'પાતાળ કયુ? પ્રભુપદની પ્રાપ્તિ પાતાળ છે.'

'પૃથ્વીતત્ત્વ કયુ? ધૈર્ય રાખવું એ પૃથ્વીતત્ત્વ છે.'

' આપણે માપવાનું બંધ કરી પામવાનું કરીએ'

'જરૂરિયાતમંદોને ખબર ન પડે એમ આપી આવવું.'

'સાધુ અને અધ્યાપક યુવાન હોવો જોઈએ. ઉંમર કદાચ ગમે તે હોય પણ એ વૃત્તિનો, વ્રતનો અને વિચારોનો યુવાન હોવો જોઈએ.'

'રામનામનો વિસ્તાર એ રામચરિત્રમાનસ છે.'

'કૃષ્ણનામનો વિસ્તાર ભાગવત છે.'

'જ્ઞાનમાર્ગનો વિસ્તાર એ મહાભારત છે.'

'કળિયુગમાં યજ્ઞનો અર્થ શું? આપણી આવકનો દસમો ભાગ જરૂરતમંદોને આપવો એ યજ્ઞ છે.'

'જે જ્ઞાન જીવન સાથે એકરૂપ નથી થયું એ ભારરૂપ છે.'

'એકતારાનો અંદરનો તાર મેળવી લેવો એ પહેલી જુગતી છેઃ વચનરૂપી દોરામાં સૂરતાને બાંધી લેવી આ બીજી જુગતિ છે.'

'જુગતિ વગર ભકિત નહિ મળે એ માટે લોકલજ્જા ખોવી પડે આ ત્રીજી જુગતિ છે.'

'ઘણાં બુદ્ધિની,પ્રતિષ્ઠાની,પદની કોશ ગળી ગયા છે એટલે ઝૂકી શકતા નથી.'

'કથા માત્ર શ્રવણ નથી ભકિત છે.'

'જરૂરી સાંભળવું વધારે શ્રવણ ભ્રમિત કરી દે છે.'

' સત્ય મારા માટે એટલે એ એકવચન છે. પ્રેમ મારા અને તમારા માટે એ દ્વિ વચન છે. કરુણા બધા માટે એ એટલે બહુવચન છે. આ સત્ય,પ્રેમ અને કરુણાનું વ્યાકરણ છે.'

'માણસનું ભજન ઘટે છે એટલે મુશ્કેલીઓ આવે છે.'

'લોકભારતીના ચાર પીલર નાનાદાદા,મનુદાદા, મૂળશંકરદાદા અને બૂચદાદા એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જ છે.'

'ગાઢ અંધકારમાંથી જ પ્રગાઢ પરોઢ જન્મે છે.'

'જેટલો વધુ ત્યાગ એટલા પૂર્ણ થઈએ છીએ.'

' ઋષિપુરુષોએ આસકિતથી નહીં ત્યાગથી ભોગવ્યું છે.'

'આટલું બધું બોલાય છે છતાં આપણે નિષ્ફળ જઈએ છીએ કારણ કે આચરણનું બળ નથી.'

'જય પરાજય નાશવંત છે, સત્ય શાશ્વત છે.'

'સમાજમાં હવે બોદા માણસોની જરૂર નથી,રણકાર થાય એવા માણસોની જરૂર છે.ગ્રામવિદ્યાપીઠ એવા રણકારો થાય તેવા માણસો પેદા કરવા માંગે છે.'

'શંકર લોકદેવતા છે એટલે શંકર પણ લોકભારતી છે.'

'લોકભારતીમાં એવા વડલા ઊભા છે કે એની નીચે જે બેસે એને તથાગતનાં સપના આવે.'

'રામકથા સમસ્ત લોકનું કલ્યાણ કરનારી છે.'

'સમાજમાં અદનો માણસ પણ ન હોય,મદનો માણસ પણ ન હોય,ખાલી માણસ હોય.'

'અક્ષયપાત્રનો એક અર્થ જેમાંથી કશું ખૂટે નહીં પણ

બીજો અર્થ હું એમ કહું કે આવ્યું કે આપી દીધું ! એમાં કંઈ ટકે જ નહીં.'

'પ્રેમમાં છોડી દેવાનું હોય, કરુણા હંમેશા ડુબાડવાનો મંત્ર આપે. પ્રેમમાં છોડી દેવાનું કરુણામાં ડૂબવાનું હોય છે.'

'રામકથા મારી ઓર્ગેનિક ખેતી છે. ઓછા ફળ કદાચ આવશે પણ પ્રકૃતિની મીઠાશ સભર આવશે.'

'સમય આવ્યે છોડવું.જિંદગી કોઈ રિયાજનો મોકો આપતી નથી. '

'સંસ્થાનો એક દેવતા હોય છે. એક શીલ હોય છે ધરાનું. લોકભારતીનું શીલ દક્ષિણામૂર્તિ છે.'

'સત્ય આવે ત્યાં સ્વિકાર કરી લેજો, થોડુંક સહન કરવું પડશે, મુશ્કેલીઓનો પણ આનંદ હોય છે.'

'રામ સીતાને શોધવા થોડા ગયા હતા ! સીતારામ તો વાણી અને અર્થની જેમ એક જ છે. રામ શબરીને શોધવા ગયા હતા.'

'ઓમ શ્લોક છે, રામ લોક છે.'

'મારે લોકો ભેગા નથી કરવા, લોકોને એક કરવા છે.'

'નવા વરસે આપણે વાઈન-ડાઈનની જગ્યાએ ફાઈન-ડિવાઈનની સ્થાપના કરીએ.'

'શબરીરૂપી ભકિત સદૈવ યુવાન હોય છે.'

'મારી વ્યાસપીઠે કરવાનું શું છે? મારે તિલક કરવા કે માળાઓ નથી નાખવી, મારે તો ગાંધી, વિનોબા, જુગતરામ અને નાનાભાપા જેવા માણસો છેલ્લા માણસ સુધી ગયા છે. રામાયણે પણ એ જ કર્યું છે. એ કામ કરવાનું છે. '

'વેદભારતીના હાથમાં વીણા છે. લોકભારતીના હાથમાં વાવણિયું છે. લોકભારતીના હાથમાં ભેદમુકત વિચાર છે.'

'જેને ખોટું ન લાગે, કોઈને ખોટા ન પાડે, ખોટા પાડવાનાં નેટવર્ક ન રચે એ મોટો માણસ'

'માનસ લોકભારતી' કથાના સમાપનમાં મોરારિબાપુ સહિત કથામંડપમાં બધાં ફલાવર્સની આંખો ભીની હતી. સહજ સમય પસાર થયો...મા લોકભારતીએ બધાને પોતાના ખોળામાં વહાલથી સાચવી લીધા. પરમાત્માએ પ્રસંગને અજવાળું આપ્યું. લોકભારતી-સણોસરું અને તલગાજરડું ખડે પગે રહ્યા ને એમાં મનોરથી હર્ષા બા ગોહિલનું હેતુ વિનાનું હેત ભળ્યું. કથાનું સ્મરણ પણ હર્ષના આંસુ આણે છે.

સહજ સાધુ મોરારિબાપુને પાયલાગણ

બાપુ તો બાપુ છે.

જય સિયારામ...

મોબાઈલઃ ૯૯૭૯૧૮૭૫૮૭

રામ-રસાયણ શુદ્ધનું ઉદ્ધારક છે, અશુદ્ધનું વિનાશક છે. રામ-રસાયણ છે. 'રામચરિતમાનસ' રામ ભલે અગ્નિના પ્રસાદથી જન્મ્યા હોય. જાનકી ભલે જમીનમાંથી જન્મ્યા હોય પણ એ બંનેનાં ચરિત્રનું જેણે ગાયન કર્યું છે એ તો એક સંવેદનમાંથી જ જન્મેલું શાસ્ત્ર છે 'રામાયણ'. 'રામાયણ' સંગીતમય શાસ્ત્ર છે અને તેમાં સાત સ્વરોની સુંદર હાર્મની છે. 'રામચરિતમાનસ'માં રામનો પ્રીતિરસ, શિવનો ધ્યાનરસ અને રાવણનો મહારસ છે. મારા માટે 'રામચરિતમાનસ'ની નવ દિવસની મહેફિલ એક 'માનસ-મુશાયરો' જ છે.'રામચરિતમાનસ' નિરંતર અમૃત આપનારી કથા છે. કથા આપણને પ્રગલ્ભ બનાવે છે. પ્રાણ ખોલવાની પ્રક્રિયાનું નામ રામકથા છે. રામાયણ ગૃહસ્થજીવનની એક બહુ મોટી સંહિતા છે.'રામચરિતમાનસ'નો આદિ સત્ય છે, એનો મધ્ય પ્રેમ છે અને એનું સમાપન કરુણામાં થાય છે. રામકથાથી જીવનની શિક્ષા, આધ્યાત્મિક દીક્ષા અને પ્રેમની ભિક્ષા પ્રાપ્ત થાય છે. રામનો ધર્મ સત્ય છે, સીતાનો ધર્મ મર્યાદા છે,ભરતનો ધર્મ પ્રેમ છે.

(મોરારિબાપુ)

## ૦૯ લોકભારતીની અપૂર્વ ઘટના : રામકથા

**મનસુખ સલ્લા**

---

લોકભારતી સંસ્થાના ૭૧ વર્ષના ઈતિહાસમાં અનેક નોંધપાત્ર ઘટનાઓ ઘટી છે. એવી એક વિશિષ્ટ ઘટના પૂ.મોરારિબાપુની રામકથા ગણાય. દિવસોની તૈયારી, કાર્યકરો - વિદ્યાર્થીઓની ઉત્સાહભરી ભાગીદારી, પૂ.મોરારિબાપુની લોકભારતી માટેની આત્મીયતા, કથા માટે સર્વ પ્રકારે સહયોગી બનનાર મુ. હર્ષાબા ગોહિલ અને તેમના પરિવારનો સદ્‌ભાવ તથા કથા નિમિત્તે આવેલા અનેક પરિચિતો - શુભેચ્છકોનો ભાવ આ સઘળું નોંધનીય ગણાય.

લોકભારતી હવે યુનિવર્સિટી બની છે. યુનિવર્સિટી તરીકેના આર્થિક આયોજનમાં હૂંફ આપવાનું પૂ.બાપુએ સામેથી ગોઠવ્યું. (તેઓ પોતાની કથા દ્વારા આ રીતે અનેક સંસ્થાઓને સહયોગી બન્યા છે.) આયોજનમાં તેમણે અનેક રીતે પૂર્તિ કરી હતી.

લોકભારતીનો આગવો ઈતિહાસ છે. પૂ.નાનાદાદાએ આપેલો મંત્ર પૂ.મનુદાદા, પૂ.મૂળશંકરદાદા, પૂ.બુચદાદા અને અનેક નોંધપાત્ર અગ્રણીઓએ સિદ્ધ કર્યો, વિકસાવ્યો, સબળ કર્યો. પૂ.નાનાદાદા પછી લોકભારતીને ૪૦ વર્ષ સુધી પૂ.મનુદાદાની દોરવણી મળી. લોકભારતીના વિદ્યાર્થીઓએ સમાજમાં અનેક ક્ષેત્રોમાં ઉત્તમ કામગીરી કરી. એમાંથી લોકભારતીની શાખ (ઈમેજ) આખા ગુજરાતમાં ઊભી થઈ. પૂ. બાપુ - દૂર નિકટથી આના સાથી રહ્યા હતા. એટલે તેમણે રામકથા દ્વારા માત્ર આર્થિક સહયોગ માટે નહીં પણ ભાવાવરણ નિર્માણ અને કર્તવ્યધર્મના પ્રબોધન માટે પોતાની રામકથા યોજી.

આવું મોટું આયોજન અનેક પરિણામો આપનારું હોય છે. વળી પૂ.બાપુનું ખુદનું વિશિષ્ટ વ્યકિતત્વ, એમની કથા દરમિયાન જીવનધર્મને વણી લેવાની તેમની આવડત, લોકભારતીના પૂર્વસૂરિઓએ જે સિદ્ધ કર્યું એની કદર અને એનો મહિમા કરવાનું કથા દરમિયાન તેમણે વિશેષભાવે યોજ્યું. એટલે અનેક વખત એવું પણ લગાતું હતુ કે તેઓ કથાકાર નહીં પણ શિક્ષક તરીકે બોલી રહ્યા છે. ઘણાને પૂ.બાપુને સાંભળતા પૂ.મનુદાદાનું સ્મરણ પણ થયું હશે. શિક્ષણના ધ્યેયમંત્રો તેમણે કથાનું નિમિત્ત લઈને અનેક રીતે પ્રગટ કર્યા. પૂ.બાપુ કથામાં સ્વૈરભાવે વિહરતા હોય છે. અને તમામ પ્રકારના શ્રોતાઓને અપિલ કરવાની તેમની ખાસ આવડત છે. ઘણી વાર તેમણે વિદ્યાર્થીઓને અને કાર્યકર્તાઓને કેન્દ્રમાં રાખીને કેટલાંક જીવનમૂલ્યો ખોલ્યાં હતાં.

આવી કથાના પરિણામો કે અસરો એકદેશીય નથી હોતાં એ બહુપરિમાણી હોય છે.લોકભારતીની રામકથા વિદ્યાર્થીઓના અને કાર્યકર્તાઓના ભાવોને ઊર્ધ્વ તરફ વાળવામાં અવશ્ય અસરકારક બની રહેશે. ફરતાં ગામો સાથે લોકભારતીની લાક્ષણિકતાઓને વધુ સારી રીતે પારખી શકયા હશે. પૂ.બાપુનો લોકભારતી સાથેનો સંબંધ પાંચેક દાયકાનો ગણાય. પરંતુ આ કથા નિમિત્તે તેમણે લોકભારતીને વિશેષભાવે નિકટ ગણી એ મોટું પરિણામ ગણાય.

લોકભારતીના વિદ્યાર્થીઓએ પૂર્વતૈયારીમાં રામાયણનાં પાત્રોની એકોકિતરૂપે રજૂઆતમાં, કથાપ્રારંભે અને પ્રાર્થનામાં ભજનો દ્વારા ભાવવાહી વાતાવરણ નિર્માણ કરવામાં ફાળો આપ્યો. પૂ.બાપુની વાતો - વિચારો - જીવનમૂલ્યોને ઝીલવામાં રસ બતાવ્યો તે પણ ઉત્તમ પરિણામ ગણાય.પૂ.મોરારિબાપુની રામકથાએ લોકભારતીમાં કામ કરનારા સૌને અવશ્ય નવી ઊર્જા આપી હશે. આજના અનેક રીતે પ્રતિકૂળ પ્રવાહો સામે ઝઝૂમવાનું બળ આપ્યું હશે. એ સૌથી મોટું પરિણામ ગણાય.

પૂ. બાપુની રામકથાની અસરો કે પ્રભાવ જેમ અમુક સંદર્ભમાં જોઈ - પારખી શકાય તેમ સૂક્ષ્મરૂપે એની અસરો નજર હોય તો જરૂર પ્રમાણી શકાય. મને થોડા દિવસ માટે કથામાં ભાગીદાર થવાનું મળ્યું એને હું મારું સદ્‌ભાગ્ય ગણું છું.

## ૧૦ લોકભારતીના ચાર માનવીય આધારસ્તંભ

**ભદ્રાયુ વછરાજાની**

---

**નઈ તાલીમના નવા કલેવરની શરૂઆત લોકભારતી યુનિ.થી થઈ છે.**

**'નેશનલ એજ્યુકેશન પોલીસી- ૨૦૨૦' માં ૮૦% બાબતો ગાંધીજીએ આપેલી બુનિયાદી શિક્ષણની જ કરવામાં આવી છે.**

'જય સિયારામ'.

આજે એક વરિષ્ઠતમ શિક્ષકના સાનિધ્યમાં એક નાનકડા શિક્ષક તરીકે મારી વાત રજૂ કરવાનો મને લ્હાવો મળ્યો છે, તે બદલ હું આભાર અને અહોભાવની લાગણી વ્યક્ત કરું છું.

બાપુ, મને એક વિચાર આવ્યો કે, રાષ્ટ્ર અત્યારના 'નેશનલ એજ્યુકેશન પોલીસી- ૨૦૨૦' ઉપર મહેનત કરી રહેલ છે. પણ જો કોઈ એનો ડ્રાફ્ટ જીણવટથી વાંચે તો એની અંદર ૮૦% બાબતો ગાંધીજીએ આપેલી બુનિયાદી શિક્ષણની જ કરવામાં આવી છે, કોઈ કારણથી ગાંધીનું નામ નથી લેવામાં આવ્યું એ એક જુદી વાત છે. એ મૂલ્યો ઉપર રાષ્ટ્ર ખૂબ વર્ક કરી રહેલ છે એ અહીંયા જીવાયા છે. મારો લગભગ ૪૫ વર્ષનો લોકભારતી સાથેનો નાતો છે. મનુદાદાની સાથે યુવાન અવસ્થામાં ગોષ્ઠીઓમાં ભાગ લેવાનો મને લ્હાવો મળ્યો. બુચદાદા તો મારા પરમ ગુરુના મામા થાય એટલે એમણે જમણી આંખનું ઓપરેશન કરાવ્યું ત્યારે પણ અહીંયા આવીને એમને મળેલા, અને અરુણભાઈ સાથે તો મારો અતૂટ નાતો છે. બાપુને જાણીને આનંદ અને આશ્ચર્ય થશે કે, મારા જીવનનું પહેલું પુસ્તક મેં લખ્યું એની પ્રસ્તાવના અરુણભાઈએ લખી હતી!! આ ઋણ ચૂકવવાનો મને લ્હાવો મળ્યો, એટલે કે લોકભારતી યુનિવર્સિટીનું મંગલાચરણ કરવાની તક મને મળી છે. આ લોકભારતી યુનિવર્સિટીના 'પ્રથમ નિમંત્રિત કુલપતિ' હોવાનું ગૌરવ પ્રદાન થયેલ છે.

આજે પરિસ્થિતિ એવી થતી જાય છે કે, ન્યુસન્સ વેલ્યુની વેલ્યુ વધી ગઈ છે અને વેલ્યુની વેલ્યુ કરવા માટે થઈને આખી એક રામકથાનું આયોજન કરવું પડતું હોય છે. પણ આ સંસ્થા એવી છે કે, જેની સાથેનો અનેક લોકોનો અપાર નાતો છે, છેક નાનાદાદાથી લઈને આજ સુધી પણ એવા લોકો જોડાયેલા છે કે જેને લઈને સંવર્ધન થતું આવ્યું છે.

આ લોકભારતી યુનિવર્સિટી એ વર્ગખંડનું શિક્ષણ આપતી યુનિવર્સિટી નથી, અહીંયા શીખીને શીખવાનું નથી, અહીંયા કરીને કેળવવાનું છે. અત્યાર સુધી અહીંયા બધું જ ચાલ્યું છે એની ઉપર પ્રાધાન્ય વર્ગખંડનું રહ્યું છે, જ્યારે યુનિવર્સિટીની સ્થાપના એટલા માટે કરવામાં આવી છે કે, વિદ્યાર્થીઓ ખેતરોમાં જઈને કામ કરે, ખેતરોમાં એ સજીવ ખેતી કરીને અળસિયા ઉગાડે, કુદરતી ખાતર બનાવે, એ ખાતર નાખીને ખેતી કરે, ખેતી કરીને પાક લણે, લણીને જોખીને એ ખળામાં મોકલે અને એનું વેચાણ કેવી રીતે થાય છે તે જાતે પંડે શીખે. એટલે એગ્રોનોમી, એગ્રો-પ્રોસેસિંગ, એનિમલ હસબન્ડરી, ડેરી સાયન્સ, આ બધા કોર્સ અહીંયા લોકભારતી યુનિવર્સિટીના વડપણ હેઠળ શરૂ થયા છે. એમ કહેવાય કે ફરી એક વાર ગ્રામવિદ્યાપીઠ યુનિવર્સિટીના માધ્યમથી ગામડાં માટે પ્રવૃત્ત થઈ છે. મને એવું લાગે છે કે નઈ તાલીમના નવા કલેવરની શરૂઆત અહીંયા થઈ છે. શ્રી અરૂણભાઈએ પહેલે દિવસે કહ્યું કે, અમારી અનેક સંસ્થા બંધ કરશો તો પણ નઈ તાલીમ તો રહેશે જ , પણ હું એમાં વિનમ્ર ભાવે ઉમેરીશ કે, આ લોકભારતી યુનિવર્સિટી એ નઈ તાલીમના નવા કલેવરનો આરંભ છે અને તેનાં આરંભે પ્રિય બાપુ અહીંયા કથાગાન માટે પધાર્યા છે એ અમારા સૌ માટે બહુ મોટું સીમાચિહ્ન બની રહેવાનું છે.

આ લોકભારતીના ચાર માનવીય આધારોસ્તંભો વિષે ટૂંકી વાત કરવાનું ગમશે.

૧) નાનાદાદાએ લોકભારતીની સ્થાપના ચોક્કસ કરી, પણ નાનાદાદાએ તો ૧૯૬૧ માં વિદાય લીધી અને ૫૬-૫૭માં એમણે મનુદાદાને કહ્યું કે, લ્યો હવે વહીવટ સંભાળો. નાનાદાદાનો પછીનો સમય હતો એ માર્ગદર્શક મંડળનો સમય હતો. પણ આ માર્ગદર્શક મંડળ શબ્દ અત્યારે થોડો વગોવાયેલો છે, પરંતુ ત્યારે ખરેખર બહુ મૂલ્યવાન હતો. એટલે નાનાદાદા પોતાના નિવાસમાં, જ્યાં પ્રિય બાપુ અત્યારના નિવાસ કરી રહ્યા છે, ત્યાં બેસીને એવા કામ કરતાં કે જે કામથી મનુભાઈ, મૂળશંકરભાઈ અને બુચદાદાને ટેકો મળતો. બહુ નાનકડી યાદ રાખવા જેવી એક વાત છે. એ સમયે દિલ્હીથી ડૉ. ભાણ નામના એક સરકારી પ્રતિનિધિ લોકભારતી જોવા આવ્યા, અને જોઈને નારાજ થયા. એણે એવું કહ્યું કે " जहा विद्यार्थी पढ़ते है, वहाँ ही वो सोते है?, ऐसी तो कोई कॉलेज हो सकती है?, यूनिवर्सिटी हो सकती है?" લાઈબ્રેરીથી નારાજ થયાં, લગભગ એ નારાજનાં મૂડમાં આવ્યા અને નારાજનાં મૂડમાં ગયાં. પણ જાય એ પહેલા આ મુરબ્બીઓ એમને નાનાભાઈ પાસે લઈ ગયા. નાનાભાઈ પાસે પણ એમણે એ જ સરકારી તોરથી વાતચીત કરી. પણ નાનાભાઈ તો નાનાભાઈ હતા, એમણે પણ કહ્યું કે, "आपकी बात सही है, जहा बच्चे पढ़ते है, वहां सो केसे सकते है?, यह अच्छी बात नहीं है, आप सरकारकी और से जो भी ग्रान्ट मिलती है, वो वापस ले सकते है. आप जाके ऑर्डर करवा दीजिए, हमें ग्रान्ट नहीं चाहिये, और हो सके तो यहाँ के जो मकान बने हुए है, वो भी सरकारी ग्रान्ट से बने हुए है, यहासे उनको उखाड़ के दिल्ही ले जाइए". My dear Friend, At that time, Nanabhai was not head of the institution. પણ એક વડીલ તરીકે નાનાભાઈએ દિલ્હીના એ ડૉ.ભાણને મક્કમ થઈને સમજાવ્યા. ભાણે જઈને દિલ્હીમાં રજૂઆત કરી, એ વખતે શિક્ષણમંત્રી 'શ્રીમાળી' હતા, એમણે અફસોસનો પત્ર લખ્યો, નાનાભાઈની માફી માંગી અને કોઈ જ કોર્સ બંધ નહિ કરવામાં આવે અને સરકારી સહાય ચાલુ રહેશે, એવો એ પત્રમાં એમણે વિશ્વાસ બંધાવ્યો. આ લોકભારતીનો સધ્ધર માનવીય આધારસ્તંભ.

૨) મનુભાઈ વિશે એક વાત બહુ યાદ કરવા જેવી છે કે, મનુભાઈ પણ ચૂંટણીમાં ઊભા રહ્યા હતા. ૫૦૦૦ મતથી જીત્યા હતા. મનુભાઈની પહેલા જે લોકો ઊભા રહ્યા હતા એ વખતે એ લોકોએ પોતાના સંસ્થાના કાર્યકરો, વિદ્યાર્થીઓ, અને વાહનોનો ઉપયોગ કર્યો હતો. પણ મનુભાઈને જયારે ચૂંટણીમાં ઊભા રહેવાનો વારો આવ્યો ત્યારે મનુભાઈએ ત્રણ મુદ્દાઓની જાહેરમાં જાણ કરી. એમણે કહ્યું કે, અ) પ્રચારમાં સંસ્થાનું વાહન વાપરવામાં આવશે નહીં, અને સંસ્થાના કોઈ વિદ્યાર્થીઓ જોડાઈ શકશે નહીં. બ) હું નિયામક પદ ઉપર રહીશ નહીં. શિક્ષણસંસ્થામાં કોઈ રાજકીય વ્યક્તિ રહીને પોતાનું રાજકારણનું કામ કરે એવું હરગીઝ ન થવું જોઈએ. એટલે હું નિયામક પદે રહીશ નહીં. ક) ધારાસભાનું જે કંઈ વેતન મળશે તે લોકભારતીમાં જમા કરાવીશ, સમય કાઢીને હું આવતો રહીશ અને મારા વર્ગો લેવાનું હું ચાલુ રાખીશ. બાપુને ગમે એવું એક સુંદર મજાનું અર્થઘટન મનુભાઈએ છેલ્લે કર્યું કે, 'આમ પણ તમે ખરું જુઓ તો ચાર વર્ષને અંતે મને લાગ્યું કે, ધારાસભામાં ચૂંટાઈને જાઓ પછી વર્ષે તમારે ત્રણ મહિના જ કામ કરવાનું હોય છે, બાકી તમે ફ્રી જ હોવ છો.' અત્યારના ધારાસભ્યોએ વિચારવા જેવી વાત છે.

૩) મૂળશંકરભાઈ મો. ભટ્ટ., જેમણે આપણને 'દુઃખીયારા' આપ્યું, 'લા મીઝરેબલ'નો બહુ સુંદર મજાનો અનુવાદ આપ્યો. અને આપણા સુધી એક ઉત્તમ બીજી ભાષાની કૃતિ પહોંચાડી આપી. આ મૂળશંકરભાઈ ઉત્તમ ગૃહપતિ હતા, એવું નાનાભાઈએ પ્રમાણપત્ર આપ્યું. બહુ ઓછું બોલનારા અને છતાં પણ વ્યાપ્ત રહેનારાં મૂળશંકરભાઈ અહીંયા થોડો વખત રહ્યાં છે. એ 'ગૂજરાત વિદ્યાપીઠ'માં, દક્ષિણામૂર્તિમાં અને લોકભારતીમાં પણ રહ્યાં. એ સમય દરમિયાન એક નોંધાયેલી ઘટના છે. લક્ષ્મણભાઈ કરીને ગૃહપતિ હતા, એ વાત કરતા હતા કે.., ૨૬ જાન્યુઆરીની એક પરેડની તૈયારી ચાલતી હતી. ગ્રાઉન્ડ ઉપર બધા વિદ્યાર્થીઓ એની પ્રેક્ટિસ કરતા હતા. એ સમયે મૂળશંકરભાઈ ત્યાંથી નીકળ્યા. નીકળીને છેડે જઈને ઊભા રહ્યા. ઊભા રહીને લક્ષ્મણભાઈને બોલાવ્યા. બોલાવીને

આંગળી ચિંધી ને કહ્યું કે, ' પેલો છોકરો માંદો છે?' તો કહે, 'ના ના એને સારું છે, કંઈ તકલીફ નથી.' તો કહે, 'ના જરા રૂબરૂ મળો, તપાસ કરો, એની ચાલ ઉપરથી મને લાગે છે કે એ માંદો છે.' લક્ષ્મણભાઈએ મૂળશંકરભાઈના કહેવા પ્રમાણે વિદ્યાર્થીને બોલાવ્યો, એને અમરગઢ લઈ જવામાં આવ્યો, અને એવું તારણ નીકળ્યું કે, આ વિદ્યાર્થીને 'ક્ષય'ના લક્ષણો છે. જે વ્યક્તિ વિદ્યાર્થીની ચાલ જોઈને સમજી જઈ શકે કે, આનામાં ક્ષયના લક્ષણો છે, એ મૂળશંકરભાઈ નામનો કરુણા આધાર.

૪) બહુ મહત્ત્વના અને એકદમ રસિક વ્યક્તિત્વ બુચદાદા. બુચદાદા વિશે ઘણું લખાયું છે, પણ ઘણું છૂટી પણ ગયું છે. બુચદાદા, મેં હમણાં જેનો ઉલ્લેખ કર્યો એમની જમણી આંખે તકલીફ થઈ એટલે જમણી આંખનું ઓપરેશન કરવું પડે. તો લોકોએ કહ્યું કે, તમારી જો ડાબી આંખ બચાવવી હોય જમણી આંખ કાઢી નાખવી પડશે, સર્જરી નહીં થાય, બુચદાદાએ કહ્યું, કાઢી નાખો, કોઈ વાંધો નથી. પછી ડાબી આંખથી પોતાનું કામ કરતા હતા, એ સમયે એક રાજકીય વ્યક્તિ બુચદાદાની ખબર કાઢવા આવી અને કટાક્ષમાં કહ્યું, દાદા, તમારી તો હવે ડાબી આંખ જ કામ કરે છે. એટલે બુચદાદાએ કહ્યું, I am extremely leftist now. My right side is wrong side now. આ બુચદાદા વિદ્યાર્થી બહેનોની ટપાલો ભેગી કરીને પોસ્ટ બોક્સમાંથી ટપાલ નીકળે એ પહેલા પોતે સમયસર જઈને પોસ્ટ કરવાનું કામ સંભાળે એવો આ માનવીય આધાર લોકભારતીનો હતો.

આ ચાર વાત પરથી ખ્યાલ આવે કે લોકભારતી કેવા મોટા ચારસ્તંભો સાથે આગળ વધે છે. કોઈ કહે છે કે આ ચાર વ્યક્તિઓ પણ એકબીજાથી નિયત અંતર રાખીને રહેતી હતી. હા, એ સાચું, કારણ જીબ્રાન કહે છે કે, 'સ્તંભો વચ્ચે અંતર હોવું જોઈએ. નહિ તો મંદિરનો ઘુમ્મટ ઊભો ન થાય.'

છેલ્લી વાત કરું, આપણો મૂળ ઉદ્દેશ તો લોકભારતી યુનિવર્સિટીને આર્થિક અનુદાન આપીને સદ્ધર બનાવવાનો છે. એને આપણે લોકભારતીના ઝાપામાંથી બહાર લઈ જવી છે, સણોસરામાંથી બહાર લઈ જવી છે, ગુજરાતથી બહાર લઈ જવી છે અને ભારતથી પણ બહાર લઈ જવી છે. કારણ કે અત્યારે અહીંયા એવું કામ થઈ રહ્યું છે. આ વાત હું બહુ મક્કમતાથી બોલું છું જેથી કરીને જે કોઈ સત્તા ઉપર બેઠેલા લોકો હોય અને સમાજના શ્રેષ્ઠિ હોય એ સાંભળે કે, આ યુનિવર્સિટીને ટેકો કરવાથી તેઓ રાષ્ટ્રનું કામ કરવાના છે. આ પરિસરમાં જ્યાં હશો ત્યાં તમે જોતા હશો કે બધું જ કામ વિદ્યાર્થીઓ કરે છે. એ પરંપરાને જો ચાલુ રાખવી હોય તો યુનિવર્સિટીને આર્થિક અનુદાનની બહુ જ આવશ્યકતા છે.

ગઈકાલે બાપુ વાત કરતા હતા દક્ષ પ્રજાપતિની. હું એ યાદ કરું. એમની પાસે ત્રણ સમાજ ગયા. દેવ ગયા, દાનવ ગયા, અને માનવ ગયા. ત્રણેય જઈને તેમની પાસે આંખ બંધ કરીને બેઠા અને અપેક્ષા હતી કે દક્ષ પ્રજાપતિ કોઈ સંદેશો આપે એ પ્રમાણે આપણે જીવન જીવીએ. એ ઋષિએ લાંબો સમય આંખ બંધ રાખી, અને જ્યારે આંખ ખોલી ત્યારે એ એક જ અક્ષર બોલ્યા, 'દ'. પેલા ત્રણેય સમજ્યા નહીં કે આ 'દ' એટલે શું? પણ પછીતો આંખ મીંચાઈ ગઈ, એટલે અર્થઘટન પોતે કરવાનું હતું. આપણને ખ્યાલ છે કે આજે પ્રશ્ન અર્થનો નથી હોતો, અર્થઘટનનો જ હોય છે. પણ ખરેખર આ 'દ' નો શો અર્થ કરવો? તો દેવ લોકોએ એમ કીધું કે, અમે બહુ ઈર્ષાળુ છીએ. એટલે કદાચ અમારા માટે દક્ષ પ્રજાપતિએ દમનની વાત કરી છે કે તમારી ઈર્ષાનું 'દમન કરો'. દાનવોને એવું લાગ્યું કે અમે બહુ હિંસા કરનારા છીએ, બહુ લોકોને મારીએ છીએ, તો અમારા માટે 'દયા કરો' એવો અર્થ થતો હશે. અને માનવને એમ થયું કે અમે બહુ લોભિયા છીએ, બીજાને મળે તો ગુંજે ભરી લઈએ છીએ. મકરંદભાઈ ભલે કહે કે, ગુંજે ન ભરીએ પણ વેરી દઈએ, પણ અમે વેરતા નથી. તો અમારે ખરેખર 'દ' નો અર્થ 'દાન કરો ' સમજવાનો છે. વિનોબાજીનાં મા કહેતાં કે, 'દે તે દેવ, અને રાખે તે રાક્ષસ'

આપણે દઈને જવાનું છે અને દેવ થવાનું છે...

## ૧૧ તલગાજરડા

**યોગેશ ભટ્ટ**

---

નકશા ઉપર માનસ-સૂરજ થઈ ઊગ્યું છે..તલગાજરડા!
કંઈક હૃદયમાં ભાવ - કમળ થઈ જુઓ ઊગ્યું છે..તલગાજરડા !
મારો ભારત - દેશ અને એમાં સરવો સૌરાષ્ટ્ર - પ્રદેશ,
લીલા - શીતળ મહુવા સંગે ભલું વસ્યું છે..તલગાજરડા!
'રામચરિતમાનસ 'ની ગાથા, તળપદ જીવન - અનુભવ - ભાષા,
રસમય - મૌલિક અર્થઘટન લઈ ખૂબ ખીલ્યું છે..તલગાજરડા!
રામાયણ, મહાભારત, ભાગવત્ વેદ,ગીતા, ઉપનિષદ ઊઘડયાં,
ચાર દિશા ભારત,જગતીમાં...મધુર ગુજ્યું છે..તલગાજરડા!
પ્રેમ અને પ્રતિભાનો તાણો, ભકિત - ગાન - કથનનો વાણો,
સરળ - સજળ- નત ભરત - કાર્યથી દીપી ઊઠયું છે..તલગાજરડા!
પતિત - પાવન રામ, વળી હનુમંત, પ્રતિષ્ઠિત માત શારદા;
બની મુરારિદાસ...પૂજાપો થઈ જીવ્યું છે..તલગાજરડા!
ખભે કામળી શ્યામને..ને પૂરાં શ્વેત વસ્ત્ર ખાદી કેરાં,
રામનામ - અંકિત ચાદરથી બહુ શોભ્યું છે..તલગાજરડા!
ભાલે ચંદન - લેપ, શાંત ને ગંભીર ચહેરે સાલસ સ્મિત,
નામ - સ્મરણ - મધમધતી માળાથી મહેકયું છે..તલગાજરડા!
મંગલભવન અમંગલહારી... 'ચિત્રકૂટ ', 'કૈલાસ ' બન્યાં છે,
સેતુબંધ થઈ વિવિધ સત્યને સાંધી રહ્યું છે..તલગાજરડા!
ગ્રામલોક, જિજ્ઞાસુ, ભાવુક, સાક્ષર ને શ્રેષ્ઠી આવે છે,
'સિયારામની જય ' સાથે વિકસી ઝૂકયું છે..તલગાજરડા!
સૌ સંતો - સિદ્ધોનું સ્વાગત સૌ ઉત્સુક, દુખિયાંનું સ્વાગત;
વિવિધ કલાધર - કલાસંગમે શું કોળ્યું છે.. તલગાજરડા!
સંઘર્ષો ને દુઃખ, અભાવ, લાચારી, લાલચ, ભય, ચિંતાઃ
વિષમકાલ - મૂંઝારામાં આધાર થયું છે.. તલગાજરડા !
સ્વચ્છ - સુઘડ 'ગુરુકુલ - મંદિર 'નો હરિત પરિસર શાંતિદાતા;
શ્રીફળ - વૃક્ષો નિજાનંદમાં... એમ ઝૂમ્યું છે.. તલગાજરડા !
ભારતીય સંસ્કાર - ભાવ..ને વિદેશનાં કૌશલ - વિજ્ઞાન,

પૂરવ - પશ્ચિમ બેય ધારાનું મિલન મળ્યું છે..તલગાજરડાં !
હવે આમજનસેવા, શિક્ષણ, ગોષ્ઠિ, ઘડતર...ને સત્સંગ,
વ્યકિત - દેશ - જગતનું નવલું સ્વપ્ન જોયું છે..તલગાજરડા !
કયા નાનકડો ગ્રામ-ખૂણો, કયાં ધરતી...દરિયો...ને આકાશ;
ધીમે-ધીમે અજબ ઊલટથી છાઈ વળ્યું છે.. તલગાજરડા !
રામસ્તુતિ, હનુમાનચાલીસા, તુલસી-સૂર-પદ , ગોપીગીત;
અગણિત ભકિત-કવિતા-સંગમ-તીર્થ રચ્યું છે..તલગાજરડા !
રામ-મૂલ્ય...ને રામપ્રેમ...ને રામ-પરાક્રમ, રામ-શરણ;
'સત્ય-શિવ-સુંદર' ને ગાવા ગામ બન્યું છે..તલગાજરડા !

લેખન તારીખઃ ૦૧/૦૨/૧૯૯૭

'આ કળિયુગ નથી, કથાયુગ છે. આ પાંચમો યુગ છે સાહેબ, પ્રેમયુગ છે. રામદર્શન એટલે સૌમાં સત્ય, પ્રેમ અને કરુણાનું દર્શન. વ્યાસપીઠ એ કામમાં લાગી છે કે સર્વ ધર્મ પ્રતિ આપણો આદર રહે. મારી વ્યાસપીઠ કહે છે કે, પુષ્પ એ પૃથ્વીનું પ્રતિનિધિત્વ છે, એ આકાશકુસુમ નથી, ધરાકુસુમ છે. સમાજને જાગતો રાખવો એ વ્યાસગાદીનું કર્તવ્ય છે. વાણીને પવિત્ર કરવા,મનને બોધ કરવા અને સ્વાન્તઃ સુખ માટે કથા છે.'આસકિત વગરનો પ્રેમ, એનું નામ કરુણા. જેમની આંખોમાં પ્રેમ અને કરુણા છે એ સાધુ છે. દયાને કારણો હોય, કૃપાને કોઈ કારણો ન હોય. હૃદયનો ધર્મ એટલે વેદના અને સંવેદનાથી ભરપૂર ધર્મ, જે ધરમમાં હૃદય નહીં હોય એ ધરમ હિંસા કરાવશે. રામભકત એ છે કે અન્યનું કલ્યાણ ઈચ્છે અને બીજાના દુઃખે દુઃખી થાય. જીવન કઠોરતા માટે નથી, કરુણા માટે છે.'

---

શિક્ષક માત્ર પાઠયપુસ્તકમાં જ ઘૂસી રહે તે ન ચાલે. એણે પુસ્તક જ નહીં મસ્તક પણ ભણાવવું જોઈએ. છેવાડાના માણસને સમજે, એને શિક્ષણ આપે અને એનું નિરીક્ષણ કરે તથા સાથે સાથે તેનું રક્ષણ કરે, એવા શિક્ષણની અને શિક્ષણકારોની જરૂર છે. માતા જે રીતે પોતાના બાળકનું ગર્ભમાં જતન કરે છે, તે રીતે શિક્ષકે બાળકનું વર્ગમાં જતન કરવાનું છે. સાચો શિક્ષક એ જ કે જેની આંખોમાં, જેની વાણીમાં અને જેના ચહેરા પર સ્મિતનો નિત્ય છંટકાવ થયેલો હોય.સાચા શિક્ષકને એનો સાચો વિદ્યાર્થી મળી જતો હોય છે. શિક્ષક કર્મયોગી છે. જયાં સુધી દેશનો શિક્ષક કર્તવ્યનિષ્ઠ નહીં હોય ત્યાં સુધી ભાર વગરનું ભણતર શકય નથી. શિક્ષક અને સેનાપતિની એકસરખી જવાબદારી છે. પ્રામાણિકતા, પવિત્રતા, પ્રમાણ, પ્રેરણા અને પરિણામ આપી શકે તે જ સાચો શિક્ષક. બંને સમાજના રખેવાળ છે. સરકાર સુધરે કે નહીં તે મહત્ત્વનું નથી. પરંતુ શિક્ષક સુધરવો જોઈએ. 'મારો સુધાર અને મારાથી સૌનો સ્વીકાર' એ શિક્ષકનું સૂત્ર હોવું જોઈએ.

(મોરારિબાપુ)

## ૧૨ ગાંધીજી, રામનામ અને રામરાજ્ય

**સોનલ પરીખ**

લોકભારતીની પાવન ભૂમિ, રામનું પાવન નામ અને પૂજ્ય બાપુનું પાવન કામ આ ત્રણે ભેગા થાય ત્યારે જે સાત્ત્વિકતાની સુગંધ જન્મે તે તો આપણે માણી જ, પણ અગરબત્તી પૂરી થાય પછી પણ ક્યાંય સુધી ખંડ સુરભિત-સુગંધિત રહે તેમ લોકભારતીની હવામાં હજી એક પવિત્ર, ઉલ્લાસભરી મહેક છે.

લોકભારતીની હવામાં મહાત્મા ગાંધીની મહેક પણ છે. ગાંધીજીએ તેમની આત્મકથામાં લખ્યું છે, '...હું ભૂત-પ્રેત આદિથી ડરતો. તેનું ઔષધ રામનામ છે એમ મને રંભાએ સમજાવ્યું. મને તો રામનામના કરતાં રંભા ઉપર વધારે શ્રદ્ધા હતી, તેથી મેં રામનામનો જપ શરૂ કર્યો. રામનામ આજે મારે સારું અમોઘ શક્તિ છે, તેનું કારણ હું રંભાએ રોપેલું બીજ ગણું છું.' પિતા માંદગી દરમ્યાન રામાયણ સાંભળતા, તેનાથી ગાંધીજીને રામાયણ પ્રત્યે પ્રેમપૂર્ણ શ્રદ્ધા જાગી. તુલસીકૃત રામાયણને તેઓ ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ ગણે છે. આધ્યાત્મિક, શારીરિક અને માનસિક ત્રણે પ્રકારની મુશ્કેલીઓમાં રામનામ માણસનો સૌથી મોટો આધાર છે એવી શ્રદ્ધા ગાંધીજી એમના લખાણોમાં વારંવાર વ્યક્ત કરી છે. સામાજિક, આર્થિક, ધાર્મિક તેમ જ રાજદ્વારી ક્ષેત્રે નવા ચીલાઓ પાડનાર એકાકી રાહદારી તરીકે એમને ભાગે આવેલાં આત્મમંથનોમાંથી તેમને રામે જ પાર ઉતાર્યા. છેલ્લે તો તેઓ એમ કહેતા કે શરીરની વ્યાધિઓ મટાડવાનો ઈલાજ પણ રામનામ જ છે. આખરી પળે પણ એમના મુખમાં રામનામ આવ્યું તે બતાવે છે કે રામ એમના અસ્તિત્વ સાથે કેવા એકરૂપ થઈ ગયા હતા.

પણ ગાંધીજીના રામને આપણે ગાંધીજીની રીતે સમજવા જોઈશે. રામનું નામ લેતા આપના મનમાં જે મૂર્તિ આવે એ જ છે ગાંધીજીના રામ? ૧૯૩૬માં 'હરિજનબંધુ'ના એક અંકમાં ગાંધીજી લખે છે, 'રામનામના સૂર્યએ મારી ભારેમાં ભારે અંધકારની ઘડીએ મને તેજ આપ્યું છે. ખ્રિસ્તીને એ જ આશ્વાસન ઈસુનું નામ લેતાં ને મુસલમાનને અલ્લાના નામમાંથી મળે. માત્ર એ સ્મરણ પોપટિયા ન હોવું જોઈએ, પણ છેક આત્માના ઊંડાણથી આવવું જોઈએ.' વળી લખે છે, 'રામનામ જેવું રામબાણ ઔષધ લેવામાં સતત જાગૃતિ નહીં હોય તો રામનામ ફોગટ જશે અને અનેક વહેમોમાં આપણે એકનો ઉમેરો કરીશું.' 'જે રામનામનો પ્રચાર કરવા ઈચ્છે તેને પોતાના હૃદયમાં રામનું સામ્રાજ્ય પહેલું સ્થાપવું. એ વસ્તુને જગત ઝીલી લેશે ને રામનામ જપશે. પણ જ્યાં ત્યાં ને જેમતેમ રામનામનો જપ કરાવવો એટલે તો પાખંડમાં પાખંડ ઉમેરીને રામનામને નિંદવાનું થયું.'

વાત હજી વધારે સૂક્ષ્મ બને છે. ૧૯૪૬માં એમણે લખ્યું, 'મારો રામ આયોધ્યાના રાજા દશરથનો પુત્ર નથી કે ઈતિહાસમાં થઈ ગયેલો રાજા રામચંદ્ર નથી. મારો રામ તો સનાતન છે. તે કદી જન્મ લેતો નથી. તેના પર સૌનો સરખો હક છે. કોઈએ માત્ર રામનામથી જ ઈશ્વરને ઓળખવો એવી જબરદસ્તી ન હોઈ શકે. હું બધાં નામો કાયમ રાખીને બધામાં નિરાકાર, સર્વવ્યાપી, શુદ્ધ સર્વવ્યાપક ચૈતન્યરૂપ રામને જોઉ છું; જેના નામનો જપ કરીને ભક્તો પોતાના હૃદયનો મેલ સાફ કરે છે.'

એક તબક્કે ગાંધીજી પોતાને મુસલમાન તરીકે ઓળખાવ્યા. કહ્યું કે, 'રામ અને રહીમ વચ્ચે કશો ફેર નથી અને મને કલમા પઢવામાં કશો વાંધો નથી'. ત્યારે

રોષે ભરાયેલા લોકોએ સવાલોનો ધોધ વરસાવ્યો. ત્યારે ગાંધીજીએ શાંતિ અને ધૈર્યથી કહ્યું કે 'હું સનાતની હિન્દુ છું અને માત્ર હિન્દુ ધર્મનો નહીં, સર્વ ધર્મોનો સાર સર્વધર્મસમભાવ છે. તેથી મારો દાવો છે કે હું એક સારો હિન્દુ છું તેથી એક સારો મુસલમાન છું અને સારો ખ્રિસ્તી પણ છું. બીજા કરતાં આપણે ચડિયાતા છીએ એવો દાવો સાચા ધર્મભાવનો વિરોધી છે.'

૧૯૪૭ના નવેમ્બર મહિનામાં એમણે કહ્યું, 'આપણે દિવાળીની રોશની જોવા જઈએ છીએ પણ આજે માણસના દિલમાં પ્રેમનું અજવાળું પ્રગટાવવાની જરૂર છે. આજની ઘડીએ લાખો લોકો કારમી આફતમાં ઘેરાયા છે. શું તમારામાંથી એકેએક જણ હૃદય પર હાથ મૂકીને કહી શકશે કે આફતમાં મુકાયેલાઓમાં હિન્દુ છે કે શીખ છે કે મુસલમાન છે એ વાતની જરાય પંચાત ન કરતાં અમે તે બધાને અમારાં ભાઈબહેન માનીએ છીએ? આ તમારી કસોટી છે. રામને છાજે એવી સેવા ન થતી હોય તો રામનામનું રટણ મિથ્યા છે.'

રામનામ કેવી રીતે લેવું એ વિષે તેમણે લખ્યું છે, 'રામનામ અંતરના ઊંડાણમાંથી લેવું. પણ અંતરના ઊંડાણમાંથી લેવું એટલે શું? દેહ નાશવંત છે એમ જાણતા છતાં આપણે તેને જ પોતાનું સર્વસ્વ સમજીને વળગીએ છીએ અને અંતરમાં રહેલા અમર આત્માને વિસારી મૂકીએ છીએ. રામનામને માનનારો દેહને સર્વસ્વ ન માને, ઈશ્વરની સેવા કરવા માટે મળેલા ઉમદા સાધન લેખે તેને જાળવે. અંદર અને બહાર સત્ય, પ્રામાણિકતા અને શુદ્ધિના ગુણ ન કેળવો ત્યાં સુધી રામનામનો નાદ દિલમાંથી નહીં ઊઠે. ન ભૂલશો કે જે દિલથી રામનું નામ રટે છે તેને તપ અને સંયમ સહેલાં થઈ જાય છે.

ગાંધીજી હંમેશા પ્રાર્થના પછી ધૂન ગવડાવતાઃ રઘુપતિ રાઘવ રાજારામ. આ ધૂનમાં ગાંધીજીએ 'ઈશ્વર-અલ્લા તેરો નામ' શબ્દો શા માટે ઘુસાડ્યા એવો પ્રશ્ન પૂછાય છે, પણ આ શબ્દો મનુબહેને દિલ્હીના એક મંદિરમાં ગવાતા સાંભળેલા અને નોઆખલીમાં થતી પ્રાર્થનામાં એ શબ્દો ઉમેર્યા હતા. ગાંધીજીને આ ઉમેરો ગમી ગયો અને એનો ઉપયોગ ચાલુ રહ્યો.

૧૯૩૦ની ૨૦મી જાન્યુઆરીએ ગાંધીજીએ નવજીવનમાં 'સ્વરાજ્ય અને રામરાજ્ય' શીર્ષક સાથે લેખ લખ્યો હતો. તેમણે લખેલું, 'સ્વરાજ્યના ગમે તેટલા અર્થ થતા હોય તો પણ મારા માટે સૌથી નજીકનો અર્થ એક જ છે. તે છે રામરાજ્ય. જો કોઈને રામરાજ્ય શબ્દ યોગ્ય ન લાગે તો હું કહીશ ધર્મરાજ્ય - સત્ય અને ન્યાયના પાયા પર રચાયેલું રાજ્ય. તેમાં ગરીબોની સંપૂર્ણ રક્ષા થશે, બધું જ કામ ધર્મપૂર્વક કરવામાં આવશે અને લોકમતનો હંમેશા આદર સેવવામાં આવશે. રામરાજ્ય સ્થાપિત કરવા માટે પાંડિત્યની કોઈ આવશ્યકતા નથી. જે ગુણોની આવશ્યકતા છે તે છે સત્ય, ભેદભાવરહિતતા, અહિંસા, મર્યાદાપાલન, વીરતા, ક્ષમા, ધૈર્ય. જનતા ધર્મનિષ્ઠ અને વીર્યવાન બને ત્યારે જ એવું રાજ્ય સંભવ છે.' તુલસીદાસે લખ્યું છે, 'દૈહિક દૈવિક ભૌતિક તાપા, રામરાજ્ય નહીં કાહુહિ વ્યાપા; સબ નર કરહિ પરસ્પર પ્રીતિ, ચલહિં સ્વધર્મ નિરત શ્રુતિ નીતિ.' રામરાજ્ય સ્થાપન માત્ર શાસનની જવાબદારી નથી, રામરાજ્ય સ્થાપવામાં જનતાનો કદાચ વધારે મોટો હાથ છે, કેમકે જનતા શાસકોની નહીં, શાસકો જનતાની નીપજ છે.

૧૬ જાન્યુઆરી ૧૯૨૫ના રોજ એક વિશેષ સભામાં તેમણે કહ્યું, 'હું હંમેશા કહેતો આવ્યો છું કે જ્યાં સુધી તન અને મનથી શુદ્ધ સ્ત્રીઓ સાર્વજનિક જીવનને પવિત્ર નહીં કરે ત્યાં સુધી રામરાજ્ય અથવા સ્વરાજ્ય સંભવ નથી.' વેદાંતીઓએ ગાંધીજીને કહ્યું કે, 'તમારો દાવો સનાતની હિંદુ હોવાનો છે તો તમે વેદોને માનતા જ હશો, અને વેદોએ જ્ઞાતિ-પ્રથાનું સમર્થન કર્યું છે.' ગાંધીજીએ જવાબ આપ્યો, 'વેદોના મારા અધ્યયન પ્રમાણે હું નથી માનતો કે તેમાં જ્ઞાતિ-

> સત્ય એ ગાંધીજીનો રામ છે. સત્યની શોધ, સત્યની ઓળખ, સત્યની સાધના અને સત્યને લોકમાનસમાં પ્રતિષ્ઠિત કરવું એ એમનો ધર્મ છે. ગાંધીજીનું રામરાજ્ય એ ન્યાય, સમાનતા અને સ્વતંત્રતાનાં મૂલ્યો પર રચાયેલી શાસનવ્યવસ્થા છે. સત્ય એક પ્રકારની ઊર્જા છે અને એનો પ્રભાવ દુષ્ટો પર પણ પડે છે, એ એમનું અભયવચન હમેશાં યાદ રાખવા જેવું છે.

પ્રથાનું સમર્થન કરવામાં આવ્યું છે. પરંતુ જો જ્ઞાતિ-પ્રથાને વેદોનું સમર્થન હોય તો હું એ વેદોને માનવાનો ઇંકાર કરું છું.' ૨૯ ફેબ્રુઆરી ૧૯૪૭ની પ્રાર્થનાસભામાં બાપુએ કહેલું, 'જે માણસ માત્ર પોતાના સંપ્રદાય માટે જ કુરબાન થવા માગે છે તે પોતે તો સ્વાર્થી છે જ, સાથોસાથ પોતાના સંપ્રદાયને પણ સ્વાર્થી બનાવે છે.'

'હરિજન યાત્રા' દરમ્યાન દક્ષિણ ભારતમાં લોકોએ ગાંધીને ઘેરી લીધા, 'હરિજનોને મંદિરમાં પ્રવેશ અપાય? આ પ્રકારની હરકતથી તો હિંદુ ધર્મનો નાશ થઈ જશે.' ગાંધીએ જવાબ આપ્યો, 'હું જે કરી રહ્યો છું, તેનાથી તમારા હિંદુ ધર્મનો નાશ થતો હોય તો થાય. મને કોઈ ચિંતા નથી. હું હિંદુ ધર્મને બચાવવા નહીં, તેનો ચહેરો બદલવા આવ્યો છું.' સામાજિક- ધાર્મિક કુરીતિઓ પર ભગવાન બુદ્ધ બાદ જો કોઈએ સૌથી ઊંડો, ઘાતક પણ રચનાત્મક પ્રહાર કર્યો હોય તો તે ગાંધી જ છે. અને આ બધું કરતા તેમણે ન તો કોઈ ધાર્મિક જમાત ઊભી કરી, ન તો કોઈ મતવાદ ઊભો કર્યો અને ન સ્વતંત્રતાનો સંગ્રામ શાંત પડવા દીધો.

એમણે કહ્યું હતું, 'પોતપોતાના ઈશ્વરને સર્વોચ્ચ પ્રતિષ્ઠિત કરવાના દ્વંદ્વમાંથી જ યુદ્ધનો જન્મ થાય છે. મનુષ્યને મારીને અપમાનિત કરીને, તેને હીનતાના અંતિમ કિનારા સુધી પહોંચાડવાનું પાપ ઈશ્વરના નામે જ તો થાય છે.' અને કહ્યું, 'સત્ય જ ઇશ્વર છે. ધર્મ નહીં, ગ્રંથ નહીં, માન્યતાઓ- પરંપરાઓ નહીં, સ્વામી-ગુરુ-મહંત-મહાત્મા નહીં, સત્ય અને માત્ર સત્ય જ ઈશ્વર છે.'

સત્ય એ ગાંધીજીનો રામ છે અને સત્યની શોધ, સત્યની ઓળખ, સત્યની સાધના અને સત્યને લોકમાનસમાં પ્રતિષ્ઠિત કરવું આ ગાંધીનો ધર્મ છે. 'સત્યના પ્રયોગો'માં ગાંધીજી લખે છે, 'ઈશ્વરને પામવાનો શ્રેષ્ઠ માર્ગ ઈશ્વરના સર્જનની સાથે તાદાત્મ્ય સાધવાનો છે.' એમણે દરિદ્રનારાયણની સેવાનો ભેખ લીધો હતો અને સત્ય સાથે સેવાની સાધના પણ કરી હતી. સત્ય એક પ્રકારની ઊર્જા છે અને એનો પ્રભાવ દુષ્ટો પર પણ પડે છે, એમનું આ અભયવચન હમેશાં યાદ રાખીએ.

**મૃત્યુનો ક્રમ**

ઝેન સાધુ સેન્ગાઈ પાસે એક શ્રીમંત માણસે આવી પોતાના પરિવાર માટે કશુંક લખી આપવા કહ્યું: સેન્ગાઈએ કાગળના એક ટુકડામાં લખ્યું: 'પિતા મરે છે, પુત્ર મરે છે, પૌત્ર મરે છે.'

લખાણ વાંચી માલદાર માણસ ક્રોધમાં આવી એણે સેન્ગાઈને કહ્યું : 'મેં તો મારા કુટુંબની સુખ, સમુદ્ધિ માટે કશુંક લખવાનું કહ્યું હતું તમે આવી રીતે મૃત્યુ વિષયક કેમ લખ્યું ? '

પેલા માણસને સમજાવતા સેન્ગાઈએ કહ્યું:

'મેં તને માનવ જીવનની મહામૂલી વાત કરી છે. જો તું મૃત્યુ પામે તે પહેલાં તારો પુત્ર મરે તો તને ખૂબજ દુઃખ, નિરાશા થાય, જો તારો પૌત્ર, તારો પુત્ર મૃત્યુ પામે તે પહેલાં મરે તો તમે બંને પિતા, પુત્ર ખૂબ ભાંગી પડો. માટે જો તમારા પરિવારમાં આવનારી પેઢીઓમાં મેં જે મૃત્યુનો ક્રમ દર્શાવ્યો તે પ્રમાણે જ મૃત્યુ થાય તો તે જીવનનો સહજ ક્રમ ગણાય. કોઈ પણ પરિવાર માટે આને જ હું ખરી સમૃદ્ધિ કહું છું.'

## ૧૩ એકોક્તિલેખન એક અવિસ્મરણીય અનુભવ

**વિશાલ જોશી**

---

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના આંગણે પૂ.અને પ્રિય મોરારીબાપુના શ્રીમુખે રામકથાના પાવન અવસરે સંસ્થા જાણે નવા ભાવાવરણની અદીઠ આભાથી વધુ ઝળહળતી થઈ રહી હતી ત્યારે રામકથા આયોજક સમિતિની લાગલગાટ બેઠકો વચ્ચે એક મનગમતું અંજળ સાંપડ્યું.નક્કી થયું કે બાપુની રામકથા પૂર્વે રામાયણના કથાસૂત્રના નાના છતાંય પોતીકા સત્ત્વ સામર્થ્ય અને સંસ્કારને ઉજાગર કરતા અને સાંપ્રત સમાજ સાથે અનુબંધવતા વિવિધ સાચા મોતીઓ જેવા અતિ મૂલ્યવાન એવા પાત્રોને લઈને આપણા વિદ્યાર્થીઓ એકોકિત અભિનય સાથે રજૂ કરે. સંસ્થાએ એક ગમતું કામ સોંપ્યું. સર્જક જીવ હોવાને નાતે જેવું આવ્યું એવું જ પોંખ્યું.હા,આ પૂર્વે પણ ઉત્સવ વિભાગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પ્રત્યક્ષ રીતે જવાબદારી સંભાળતા ગાંધીજીની ઘડિયાળ અને આપણાં તિરંગાને કેન્દ્રમાં રાખીને બે એકોકિતઓ લખવાનો અનુભવ હતો. પણ આ વખતે તો વાત જ જુદી હતી.

એકબાજુ લખવાની ઉત્કટ તાલાવેલી અને બીજી બાજુ રામાયણના ઘટના અને પાત્રોના સંદર્ભ અને પૂ.બાપુની વ્યાસપીઠની ગરિમા.મીઠી મુંઝવણ જેમાંથી કોઈ સર્જન અવતરે જ એવી મિશ્ર લાગણીઓમાંથી પસાર થવાનું બન્યું. તુલસીદાસ અને વાલ્મીકિ કૃત એમ બંને રામાયણનું અધ્યયન,અધિકૃત લેખો,ભારતીય ભાષામાં રચાયેલ સાહિત્ય રચનાઓ,વિદ્વાનોના મંતવ્યો,આદ્ય સ્થાપક નાનાભાઈ દ્વારા લિખિત રામાયણનાં પાત્રો અને અહીં પરિસર પર રહેતા સ્વજનો,વડીલો અને મિત્રો પાસેથી પ્રેરણાએ ઘણા નવા નવા અર્થ ઘટનો આપ્યા. કેવળ મારું નિવાસસ્થાન જ નહિ પણ જ્યાં અનુકૂળતા મળે ત્યાં બેસીને લખવું એ આ દિવસોમાં નિત્ય કર્મ બની ગયું. ક્યારેક મોડી રાત થઈ જતી તો રામકથા સભાવ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમો રિહર્સલ કે પોથીયાત્રા સુશોભન વચ્ચે પણ સમય કાઢીને નિરાંતે હીંચકે બેસીને લખાયું.એકોકિત લખતી વખતે વર્ણન કે સંવાદની મંચનક્ષમતા,પાત્રની ઊર્મિ,વિચાર કે ભાવસૃષ્ટિની ટોચ અને સાંપ્રત સમય પ્રવાહ સાથે છેવાડાના કે જીવતા જીવનમાં આવી જ સંવેદના સાથે જીવી રહેલા સમાજ સાથે અનુબંધ એમ આ ત્રિવેણીને એકસાથે સાંકળીને લખવાનો ઉપક્રમ રચ્યો હતો.હરખભેર પહેલી એકોકિત શબરી લખવાનું શરૂ થયું. લખાય એટલે તરત કોઈ ને વાચવા ઉત્સુક હોવું એ ય તો સર્જક તરીકે ખૂબ વ્હાલું લાગે.એટલે કુદરતી રીતે રસ્તે ઊભા રહીને કે રાખીને કે ઘરે જઈને પણ વ્યક્તિઓને તરત સંભળાવવા દોડી જતો.લખતી વખતે રામાયણનો સંસર્ગ અને એ પાત્રોની ઉદાત્ત નિષ્ઠા, સેવા, સમર્પણભાવ, સંવેદના, રામ મગ્નતા ક્યારેક તો સજળ નેત્રે ટપકી પડી. શબરી એકોકતિ રજૂઆત પછી પૂ.બાપુએ એ સાખ પૂરી કે આ એકોકિતમાં રામાયણ આધાર તરીકે યથાર્થ દેખાય છે. શ્રોતાઓના અને ભાવકોની આંખના ખૂણે એક્ઠી થયેલી ભીનાશ કે શબરીને કે કેવટને માણતા ગાલે સરી પડેલા અશ્રુ બિંદુઓ એ મારા જેવા સર્જક માટે રામકથા નિમિતે લખાયેલી સર્જનપ્રક્રિયાની સજળ પ્રસાદી. આ પાવન લેખનકર્મ આરંભે મે કેવળ ખિસકોલી કર્મ તરીકે જ સ્વીકાર્યું હતું અને એ ખિસકોલી કર્મને વિદ્યાર્થીઓના સાંગોપાંગ અભિનય દ્વારા એક જીવંત કેળવણીનો સેતુ નિર્માણ કરી આપ્યો. એ તમામ વિધાર્થીઓએ પણ એકોક્તિને વ્યાસપીઠ ઉપર લાવીને મનેય કૃતાર્થ કર્યો. એ સૌને અભિનંદન સાથે આ પંક્તિઓઃ

કલમ પાવન લિખી પાત્ર પ્રસંગા,<br>
પ્રગટ ઉર સ્પંદન સ્નેહ ઉમંગા..<br>
જય સિયારામ.

**તુષાર શુક્લ**

બાવો બે કાંઠે છલકાતો.

જેમાં નાખી મૂળ એ મ્હોર્યા.
જેની ધરતીમાં એ ફોર્યા.
જેની પવન લહરમાં લ્હેર્યા.
જેનાં પ્રેમનાં પહેરણ પ્હેર્યા.
એમાં આજે ધૂણો ધખાવી.
ધૂપધૂમાડે એ પમરાતો.
બાવો બે કાંઠે છલકાતો.

માનાં ધાવણ જેવી ભાષા,
હૈયેથી હોઠે વહી આવે.
ફળની ના કોઈ અભિલાષા,
રામનામના બીજ એ વાવે.
પડ્યું હશે તે ઊગી નીકળશે,
દાણો નથી નકામો જાતો.
બાવો બે કાંઠે છલકાતો.

લીલુડી ધરતી લોકભારતીની,
ડાળે ડાળે ટહુકા રહેતા.
સણોસરે ઊતરે સોંસરવા,
શબ્દ તુલસીના થયા જે વહેતા.
સાંભળતી સરસવતી માતા.
શ્લોક ને લોક એ બંને ગાતો,
બાવો બે કાંઠે છલકાતો.

## ૧૫ સંસ્થા સમાચાર (જાન્યુઆરી, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી-સમાચાર**

- પૂ. મોરારિબાપુની રામકથા 'માનસ લોકભારતી'નો પ્રારંભ તારીખ ૩૦મી ડિસેમ્બર(પૂ. નાનાભાઈ ભટ્ટ પુણ્યતિથિની પૂર્વ સંધ્યા)થી થયો. સણોસરા ગામના રામદેવપીરના મંદિરેથી આ કથાના મનોરથી હર્ષાબા ગોહિલ અને તેના પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં પોથીયાત્રા નીકળી. સણોસરા ગ્રામજનો ઉત્સાહપૂર્વક તેમાં જોડાયા. લોકભારતી કેળવણીની અભિવ્યક્તિ દર્શાવતા જુદા જુદા ત્રણેક ટ્રેક્ટરમાં ટેબ્લો, વિદ્યાર્થીઓ દ્વારા રાસ, ડમ્બેલ્સ, લેઝીમની જુદી જુદી ટુકડીઓ તથા ભજન-કીર્તન મંડળીઓના ભક્તિરસથી પોથીયાત્રા કથા સ્થળે પહોંચી.
- પૂ. મોરારિબાપુના નિવાસસ્થાને (પૂ. નાનાભાઈ ભટ્ટ નિવાસસ્થાન-ઋષિકુંજ) પોથી પહોંચતાં શ્રી અરુણભાઈ દવેએ પોતાના મસ્તક પર પોથી મૂકીને કથાના મનોરથી શ્રી હર્ષાબા ગોહિલે પોથી પૂ. બાપુને અર્પણ કરી. બરાબર ૦૪-૦૦ કલાકે કથાસ્થળે કથાનો પ્રારંભ થયો. તા.૩૦ ડિસેમ્બરથી તા.૦૭ જાન્યુઆરી દરમિયાન રામકથા સાથે વચ્ચે ત્રણ શૈક્ષણિક સંગોષ્ઠીઓ(નઈ તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ, રુરલ ઇનોવેશન તથા પ્રાકૃતિક કૃષિ અને કૃષિ મૂલ્યવર્ધન) યોજાઈ ગઈ. ત્રણ રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમો (અમદાવાદ થિયેટર દ્વારા 'પરિત્રાણ' નાટક, જાણીતા ગાયક શ્રી હાર્દિક દવેના ભજનોનો કાર્યક્રમ 'ભજન સંધ્યા' અને લોકદક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ) યોજાયાં. કથા દરમિયાન દરરોજ લોકભારતીના સંગીતવૃંદે કથાના પ્રારંભ પૂર્વે એક ગીત / ભજન રજૂ કરીને બાપુ સહિત શ્રોતાઓનાં મન હરી લીધાં. આ રામકથામાં કથા પૂર્વે એક અભૂતપૂર્વ ઘટના તે રામાયણના છેવાડાનાં પાત્રો (શબરી, કેકેયી, ઊર્મિલા, કેવટ, જટાયુ, વિભીષણ, વાલ્મીકિ અને ખિસકોલી) અંગેની વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી એકોક્તિ સ્વરૂપે પ્રસ્તુતિ બહુ જ પ્રભાવી રહી, શ્રોતાઓ સહિત પૂ. બાપુને પણ લાગણીથી ભીંજવી દીધા. કથા દરમિયાન કથામાં કે શિક્ષણ સંગોષ્ઠીઓમાં પધારેલા મહેમાનો/મહાનુભાવો કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા, જાણીતા ઉદ્યોગપતિ અને દાતા શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, પીડીલાઇટના શ્રી પી.કે. શુક્લાજી, જાણીતા વક્તા શ્રી જયભાઈ વસાવડા, કેળવણીકાર શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીનાં વક્તવ્યો પણ થયાં. કથા પૂર્વેનું સંચાલન શ્રી નીતિનભાઈ વડગામાએ સુચારૂરૂપે કર્યું. તા.૦૭મી જાન્યુઆરીએ કથાનું સમાપન થયું. પૂરો કાર્યક્રમ વિનાવિઘ્ને એકદમ સુચારૂરૂપે સંપન્ન થયો.
- તા. ૦૫ના રામકથા નિમિત્તે પ્રાકૃતિક પરિસંવાદ લોકભારતી યુનિ. અને લોકસેવા મહાવિદ્યાલય તથા કૃષિ વિજ્ઞાનકેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોજાઈ ગયો.
- રાજસોભાગ આશ્રમ-સાયલાની તા.૧૦ અને ૧૧ બે દિવસીય વ્યક્તિત્વ વિકાસ શિબિર લોકભારતીને આંગણે શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસના માર્ગદર્શન તળે યોજાઈ ગઈ.

- સુરતની પ્રયોગશીલ શાળા નાલંદા ગુરુકૂળના પચ્ચીસેક વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓની જૂનાગઢથી નીકળેલી 'નરસિંહથી નર્મદ' સાયકલ યાત્રા શ્રી બંકિમભાઈની આગેવાની તળે તા.૧૦મીની રાત્રે લોકભારતી મુકામે આવી ગઈ અને બીજે દિવસે સવારે આગળ પ્રયાણ કર્યું.
- અમદાવાદની ભૌતિકશાસ્ત્ર સંશોધન પ્રયોગશાળના વૈજ્ઞાનિક શ્રી સંતોષ વડવળે તા.૧૩મીની સાયં પ્રાર્થનામાં ઉપસ્થિત રહ્યા અને તેઓએ ચંદ્રયાન-૦૩ના પ્રોજેક્ટમાં પ્રમુખ વૈજ્ઞાનિકો પૈકી કાર્ય કરેલ તેથી તેનું સચિત્ર વક્તવ્ય રજૂ કર્યું.
- તા.૧૫મીના રોજ લોકભારતીના ટ્રસ્ટીશ્રી અને પ્રમુખ દાતા શ્રી મધુકરભાઈ પારેખ તેમના પરિવાર તથા સગા-સંબંધીઓની ટીમ સાથે લોકભારતીની મુલાકાતે આવ્યા.
- તા.૧૬મીના રોજ સાંજે ૦૫-૦૦ કલાકે લોકભારતીની વ્યવસ્થાપક મંડળની બેઠક મળી ગઈ.
- તા.૧૬થી ૨૦ના સમયગાળામાં લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓની જીવનવિદ્યા શિબિર યોજાઈ ગઈ. આ શિબિરના પ્રબોધક શ્રી વંદન રાવલે પાવર પોઈન્ટ દ્વારા સરસ રીતે સંચાલન કર્યું. આ શિબિરના ઉદ્ઘાટક તરીકે શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને સમાપનમાં શ્રી અરુણભાઈ દવેએ વિશેષ માર્ગદર્શન આપ્યું. આ શિબિરના સંયોજક તરીકે શ્રી યોગેશભાઈ ત્રિવેદી જોડાયા.
- તા.૧૬થી ૨૦ દરમિયાન અધ્યાપનમંદિરમાં ૫૨મી બાલવાડી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બાલવાડી શિબિરનો પ્રારંભ શ્રી નલિનભાઈ પંડિતના શુભહસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી અરુણભાઈ, શ્રી હસમુખભાઈ, શ્રી રાજેન્દ્રભાઈ અને સંસ્થાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.શિબિરમાં કવિ અને બાળસાહિત્યના સર્જક કૃષ્ણ દવેએ બાળગીતો ગાઈ,સમજાવી મોજ કરાવી હતી. વાર્તાનું શાસ્ત્ર વિશે વાસુદેવભાઈ સોઢા અને નિધિબહેને સરસ વાતો કરેલી. શ્રી રમેશભાઈ પરમારે બાળગીતો અને તાલીની રમત તેમજ જિજ્ઞેશભાઈ ગોસ્વામીએ અભિનય ગીતો દ્વારા બાલવાડીના ભાવને ઉજાગર કર્યો હતો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તલાટી-મંત્રીઓનો ઓપવર્ગ કાર્યક્રમ તા.૧૭થી ૩૦ના દિવસોમાં યોજાઈ ગયો. આ વર્ગના શુભારંભમાં શ્રી હસમુખભાઈ દેવમોરારિ ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન આપેલ અને સમાપન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ શુભેચ્છાઓ આપી હતી.
- તા. ૧૯ના રોજ કૃષિ વિજ્ઞાનકેન્દ્ર તરઘડિયા, રાજકોટ દ્વારા યોજાયેલ ૪૦મી ઝર્કની બેઠકમાં શ્રી પ્રદીપભાઈ કયાડા અને શ્રી જગદીશભાઈ કંટારીયા ભાગ લીધેલ. તથા ભાવનગર જિલ્લાના ખેતીલક્ષી પ્રશ્નો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતીની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો.
- તા. ૨૨થી લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો કેન્દ્ર નિવાસ કાર્યક્રમ ગુજરાતની જુદી જુદી સંસ્થાઓ, એન.જી.ઓ. કંપનીઓ, ડેરી ફાર્મ વગેરે સ્થળોએ યોજાયો. કેન્દ્ર નિવાસની અભિમુખતા કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ સુથારે, શ્રી કાંતિભાઈ ગોઠીએ અને વિષય અધ્યાપકોએ માર્ગદર્શન આપ્યું.
- કૃષિ વિજ્ઞાનકેન્દ્ર દ્વારા ભાવનગર જિલ્લાના ખાતરના વિક્રેતાઓ માટે સંકલિત પોષણ વ્યવસ્થાપન પર ૧૫ દિવસીય કોર્સ તા. ૨૩ના રોજ શરૂ કરવામાં આવ્યો જેમાં કુલ ૫૨ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધેલ.
- તા. ૨૪ના રોજ સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે લોકસેવા

મહાવિદ્યાલય દ્રજીજી વિભાગ દ્વારા સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો. ૮ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો. કાર્યક્રમના નિર્ણાયકો તરીકે શ્રી વિશાલભાઈ જોશી અને શ્રી પુજાભાઈ મકવાણાએ ફરજ બજાવી. સંચાલન અને વ્યવસ્થા શ્રી કિશોરભાઈ હિરાણી અને શ્રી ધીરુભાઈ રાઠોડે કરી હતી. શ્રી કાંતિભાઈ ગોઠીએ કાર્યક્રમનું સમાપન કર્યું.

- તા. ૨૫ના રોજ શ્રી દિનુભાઈએ તલાટી-મંત્રીઓના ઓપવગમાં વિષય 'આનંદયાત્રા' વિશે તલાટી-મંત્રીઓ સમક્ષ આનંદનો સેતુ રચ્યો હતો.
- પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સવારે મેદાનમાં પરેડ અને લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઇનોવેશનના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના હસ્તે ધ્વજવંદન તથા ત્યાર બાદ સારસ્વતભવનમાં તેમણે પ્રજાતંત્રને સ્પર્શતા મુદ્દાઓ પર વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય પણ રજૂ કર્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના સિનિયર કલાર્ક-કાર્યકર શ્રી પિનાકીનભાઈ પંડયાનું તા.૨૭/૧/૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયું. સંસ્થા પરિવારે સાયં પ્રાર્થનામાં પિનાકીનભાઈના આત્માને શાંતિ માટે પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ આપી હતી.
- તા.૨૯ થી લોકભારતી અધ્યાપનમંદિરની ઈન્ટરશીપનું આયોજન થયું હતું. તાલીમાર્થીઓ ભાવનગર,બોટાદ અને અમરેલી જિલ્લાના કેટલાક ગામડાંઓમાં ગયા હતા. તેમાં દલિનેશ અને ચાંચબંદર સુધી જઈ શિક્ષણકાર્ય કર્યું હતું.ઈન્ટરશીપ દ્વારા છેવાડાના ગ્રામીણ વિસ્તારો સુધીનો અનુભવ છાત્રોને થયો હતો.
- ગાંધી નિર્વાણદિન નિમિત્તે સવારે સારસ્વતભવનમાં પ્રાતઃ પ્રાર્થના યોજાઈ, જેમાં મંગળપ્રભાતમાંથી એક વ્રત વિશે વાચન કરવામાં આવ્યું. સવારે ૦૭-૩૦થી ૧૦-૩૦ સુધી લોકભારતી અને સણોસરા ગામ સમસ્તની જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈને સફાઈ કરવામાં આવી. બરાબર અગિયાર વાગે સૌએ પોતપોતાના સ્થળે જ રહીને બે મિનિટનું મૌન પાળ્યું અને નામી-અનામી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. બપોર પછી ૦૩-૩૦ કલાકે સારસ્વતભવનમાં ગાંધી નિર્વાણદિન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય પણ રજૂ કર્યા. ત્યાર બાદ સાયં પ્રાર્થના-ભજન અને ધૂનથી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.
- તા.૩૧મીના સાંજે ૦૫-૦૦ કલાકે સ્મૃતિભવનમાં લોકભારતીના સમગ્ર કાર્યકરો અને તેના પરિવારજનો સાથેની એક બેઠક મળી ગઈ. તેમાં શ્રી અરુણભાઈ દવેએ રામકથા દરમિયાન દરેક કાર્યકરે જે સક્રિય સહયોગ કર્યો તે અંગે હરખ વ્યક્ત કર્યો અને હવે આપણી સૌની વિશેષ જવાબદારી ઊભી થઈ છે તેમ કહીને વધારે સક્રિય થઈ લોકભારતીના ભાવાવરણને અનુરૂપ કામ કરવા અપીલ કરી. પ્રતિનિધિરૂપ કેટલાક કાર્યકરોએ પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરી.
- તા.૩૧મીની રાત્રે ૦૮-૩૦ કલાકે સણોસરા ગ્રામ આગેવાનો અને ગ્રામજનો સાથેની પણ એક બેઠક સ્મૃતિભવનમાં આયોજિત કરવામાં આવી. તેમાં પણ સૌએ રામકથા નિર્વિઘ્ને સંપન્ન થઈ તેની ખુશી વ્યક્ત કરી. શ્રી અરુણભાઈ દવેએ સંસ્થાવતી અને તે પછી કેટલાક ગ્રામજનોએ પણ પરસ્પર રાજીપાની લાગણીઓ વ્યક્ત કરી અને છેલ્લે મધુરાસ્વાદ કરી સૌ છૂટા પડ્યા.

**આંબલા સમાચાર**

- તા. ૨૫ ડિસેમ્બર ના રોજ શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે શ્રી હીરાબહેન માનભાઈ ભટ્ટ મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિ નિમિત્તે ૨૪મો કન્યા કેળવણી પુરસ્કાર અર્પણ કાર્યક્રમ ગાંધી મહેન્દ્ર ચત્રભુજ

એજ્યુકેશનલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા યોજાઈ ગયો. અતિથિ વિશેષ મુખ્ય દાતાશ્રી ભદ્રેશભાઈ ગાંધી, શ્રી રજનીભાઈ ગાંધી તથા ગૌરાંગભાઈ ગાંધી અને પરિવાર તેમજ મુખ્ય મહેમાન લોકભારતી યુનિવર્સિટીના ચાંસેલર શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી ઉપસ્થિત રહ્યા. શિશુવિહાર સંસ્થાના શ્રી નાનકભાઈએ શાબ્દિક સ્વાગત કરેલ. કાર્યક્રમમાં ૧૦ લોકશાળાની કુલ ૨૫૦ બહેનોને દાતાશ્રી તરફથી રોકડ સહાય આપવામાં આવી.

- તા. ૨૫ ડિસેમ્બરના રોજ સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની રેલી અંગેની સંચાલકો તથા આચાર્યની મિટિંગ પણ મળી હતી.
- તા. ૩૦-૧૨-૧૩ થી ૦૭-૦૧-૨૪ દરમિયાન લોકભારતી ખાતે યોજાયેલ પૂ.મોરારિબાપુની માનસ લોકભારતી કથામાં સંસ્થા કાર્યકરો ખિસકોલી કાર્યમાં સેવા આપવા જઈ આવ્યા.
- તા. ૩૧-૧૨-૨૩ના રોજ લોકભારતી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ વિષયક સંગોષ્ઠિમાં શ્રી વાઘજીભાઈ કરમટીયા જઈ આવ્યા.
- તા.૩૦-૧૨-૨૩ના રોજ લોકભારતી ખાતે યોજાયેલ પૂ.મોરારિબાપુની માનસ લોકભારતી કથામાં મોજીલીશાળાના બાળકોએ કલાકૃત્તિ રજૂ કરેલ.
- તા.૩ના રોજ ભાવનગર ડી.ઈ.ઓ. ઓફિસમાંથી અધિકારીઓ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા અને સાંજની પ્રાથનામાં જોડાયેલ.
- તા.૬ના રોજ લોકભારતી ખાતેની કથામાં લોકશાળાના વિદ્યાર્થીઓએ શ્રવણ નાટક પ્રસ્તુત કર્યું.
- તા. ૬ના રોજ સંસ્થામાં પૂ.મોરારિબાપુ શુભેચ્છા મુલાકાતે આવી ગયા અને સાંજનું ભોજન પણ લીધું હતું.
- તા.૯ના પૂર્વ સાંસદશ્રી રાજેન્દ્રસિંહજી રાણાની ઉપસ્થિતિમાં ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા તથા મણારનો સંયુક્ત વાર્ષિકોત્સવ સુપેરે સંપન્ન થયો. આ કાર્યક્રમમાં શ્રી ડૉ.અરુણભાઈ દવે, શ્રી સુરસંગભાઈ ચૌહાણ આંમત્રિત મહેમાનો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ કાર્યકરો હાજર રહેલ.
- તા.૨૧ના રોજ યોજાયેલ સ્વંય પાકમાં ઉમરાળા તાલુકાનાં ટી.ડી.ઓ. હાજર રહેલ.
- તા.૨૫ના રોજ યોજાયેલ રમતોત્સવમાં વિદ્યાર્થીઓ તથા કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- તા.૨૫ના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ કરવામાં આવેલ આ પ્રસંગે ગામના અગ્રણીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહેલ.
- તા.૨૫ના રોજ દ્રઝઝની ‘છ’ સર્ટિફિકેટની પરીક્ષા યોજાઈ ગઈ.
- તા.૨૬ ના રોજ જોધપુરથી આવેલ શ્રી સોહનલાલ પરિવારે વિદ્યાર્થીઓને કપડાં વિતરણ કરેલ.

**મણાર સમાચાર**

- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણાર એન.એસ.એસ. યુનિટની વાર્ષિક શિબિર ખડસલીયા (તા.જી.ભાવનગર) મુકામે તા. ૨૭/૧૨/૨૦૨૩ થી ૦૨/૦૧/૨૦૨૪ સુધીમાં સરસ રીતે યોજાઈ ગઈ. શિબિરની મુલાકાતે ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પંડ્યાસાહેબ, શ્રી ડોડીયાસાહેબ આવી ગયા, પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ રાજીપો વ્યક્ત કર્યો.
- ભાવનગર જિલ્લાકક્ષાના કલામહોત્સવમાં મણાર સંસ્થાની બહેનોની ટીમ બીજા નંબરે આવી તથા એક ભાઈ ગાયનમાં જિલ્લાએ પ્રથમ આવેલ છે.
- તા. ૦૩થી ૦૫ સુધી શ્રી કંચનબહેન તથા શ્રી અંકુભાઈ શાહ (ઉ.મા.વિભાગમાંથી) તળાજા મુકામે આર.કે.એસ.કે.ની(હેલ્થ-

વિષયક)તાલીમ લઈ આવ્યા.

- તા. ૩૦/૧૨/૨૦૨૩ થી ૦૭/૦૧/૨૦૨૪ સુધી લોકભારતી ખાતે યોજાયેલ મોરારિબાપુની 'રામકથા'માં જનસમુદાયે લાભ લીધો તથા સહુ સેવાયજ્ઞ કાર્યમાં જોડાયા.
- તા. ૦૯ના રોજ આંબલા-મણારના સંયુક્ત વાર્ષિકોત્સવમાં ધોરણ-૯ થી ૧૨ના સમગ્ર વિદ્યાર્થીઓ સ્ટાફગણ અને પરિવાર આંબલા મુકામે વાર્ષિકોત્સવમાં જઈ આવ્યા. મણારનો વાર્ષિક અહેવાલ આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગરે રજૂ કર્યો, તથા વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.
- તા. ૧૧ના રોજ સંસ્થાના શેઢા પાડોશી શ્રી વશરામભાઈએ વિદ્યાર્થીઓ તથા પરિવારોને શેરડી ખવડાવીને સૌને મોજ કરાવી.
- વિકસિત ભારત સંકલ્પયાત્રામાં તા.૧૯ના રોજ અલંગ મુકામે પધારી હતી. શ્રી ડાહ્યાભાઈ ડાંગર તથા શ્રી મનસુખભાઈ ગુજરિયાએ આ કાર્યક્રમનું સંકલન કર્યું.
- તા. ૧૪ લોકશાળા માણાર સંસ્થાના જીવદયા તથા ગૌ સેવા પ્રેમીજનો એ પતંગ ચગાવવાને બદલે ગૌશાળા સફાઈ કરી પર્વ ઉજવણી કરી.
- તા.૧૭ના રોજ શ્રી મધુકરભાઈ અને તેમની ટીમના સ્વાગત માટે વિદ્યાર્થી તથા સર્વ સ્ટાફગણ સ્વાગત કાર્યક્રમમાં જોડાયા.
- નર્સિંગ કોર્સ માટે રાળગોનથી બે સ્ટાફ નર્સ બહેનોએ આવી અભ્યાસક્રમ તથા નર્સિંગ કારકિર્દી વિષયક સરસ માર્ગદર્શન આપ્યું.
- તા.૧૬ના રોજ શ્રી સોહનલાલ વડેરા અને તેમના પત્નિએ મણાર સંસ્થા સહીતની ૧૩ જેટલી શાળાના વિદ્યાર્થીઓને સાલ-સ્વેટર તથા અન્ય પોષાકનું વિતરણ કર્યું.
- તા. ૨૨ના રોજ અયોધ્યાથી 'રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' સહુએ વિદ્યાર્થી સાથે નિહાળ્યો તથા વિદ્યાર્થીઓ દ્વારા રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનની વેશભૂષા મણાર ગામે યોજાયેલ શોભાયાત્રામાં રજૂ કરી. ગ્રામજનો દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું.
- તા. ૨૫ના રોજ એન.સી.સી.ના બીજા વર્ષના કેડેટ્સની 'છ' સર્ટીફીકેટની પરીક્ષા યોજાઈ ગઈ..
- તા. ૨૨ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિ. સંલગ્ન "મહારાણી શ્રી નંદકુવરબા મહિલા આર્ટસ અને કોમર્સ કૉલેજનો એન.એસ.એસ. વાર્ષિક શિબિરનો ઉદ્ઘાટન સમારોહ લોકશાળા મણાર સંસ્થામાં યોજાયો હતો. મહારાણીબા, રાજકુંવરીબા તેમના પરિવારજન સંસ્થાની મુલાકાતે આવી ગયા. સંસ્થા-શાળાની પ્રવૃત્તિથી રાજીપો વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવી.
- તા. ૨૭/૨૮ના રોજ અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠથી શ્રી રવિભાઈ રામચંદ્રભાઈ પંચોલી તેમના પરિવાર, મિત્રો સાથે સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- સંસ્થાના કન્યા છાત્રાલયની પાછળની દિવાલનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે.
- તા.૨૬ના રોજ શાળામાં ૭૫માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી દબદબા ભેર કરવામાં આવી લોકભારતીના તાલીમાર્થી શ્રી ખુશાલીબહેનના વરદ્હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. છાત્રો, ગ્રામજનો-વલીગણની હાજરીમાં પર્વ મનાવ્યું.
- તા. ૨૯ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રસ્તુત "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમ વિદ્યાર્થીગણ અને સમગ્ર સ્ટાફગણે નિહાળ્યો. પરીક્ષાનું માર્ગદર્શન મેળવ્યું.
- ગુજરાત સરકાર દ્વારા આયોજિત "ખેલ મહાકુંભ"માં વિદ્યાર્થી ભાઈઓ તાલુકાકક્ષાએ પ્રથમ તથા બીજા નંબરે આવી શાળાનું નામ રોશન કરેલ છે.

## માઈધાર- સમાચાર

- તા. ૨ના રોજ ગાંધી આશ્રમના ડાયરેક્ટર શ્રી અતુલભાઈ પંડયા અને શ્રી કેતનભાઈ રૂપેરા સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૩ના રોજ શ્રી પ્રકાશભાઈ શાહ અને તેમના પત્ની સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૧૦,૧૧ ,૧૨ શ્રી અરુણભાઈ દવે આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના નવીનીકરણ સંદર્ભે આવી ગયા.
- તા.૧૫ના રોજ શ્રી મધુકરભાઈ પારેખ પરિવાર સાથે માઈધાર સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- તા ૧૯ના રોજ શ્રી દિગંતભાઈ દેવમુરારિ અને શ્રી રમાબહેન દેવમુરારિ માઈધાર સંસ્થાની મુલાકાતે આવી ગયા, શ્રી દિગંતભાઈએ વિદ્યાર્થીઓ સાથે ઓસ્ટ્રેલિયા દેશ વિષે વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી કર્યા.
- તા. ૨૫ના રોજ ભાવનગર શામળદાસ કૉલેજના પ્રિન્સીપાલ તેમની ટીમ સાથે એન.એસ.એસ. કેમ્પના સ્થળ મુલાકાત માટે આવી ગયા.
- તા. ૨૩થી ૩૧ સુધી ગૂજરાત વિદ્યાપીઠ(સાદરા)થી ત્રણ તાલીમાર્થી ભાઈઓ સંસ્થામાં એથ્લેટીક્સ તાલીમ માટે આવી ગયા.
- તા. ૨૩થી ૩૧ સુધી લોકસેવા મહાવિદ્યાલય- લોકભારતીમાંથી ૪ બહેનો શિક્ષણ નિવાસ અને કૃષિ વિજ્ઞાનકેન્દ્ર નિવાસ માટે આવી ગયા.
- તા. ૨૯ના રોજ સંજય- તુલા સંસ્થા મુલાકાતે આવી ગયા. શ્રી સંજયભાઈએ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો.
- તા. ૩૦ના રોજ ગાંધી નિર્વાણદિન નિમિત્તે સંમેલનમાં શ્રી નિર્મળભાઈ પરમાર અને શિક્ષણ નિવાસમાં આવેલ બહેનોએ અને સાંજની પ્રાર્થનામાં શ્રી પાતુભાઈ આહિર અને શ્રી ભાવનાબહેને વિદ્યાર્થીઓને ગાંધીજીના જીવન પ્રસંગો કહ્યા.

## શ્રદ્ધાંજલિ

- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના શ્રી લાલજીભાઈ નાકરાણીના પુત્રી શ્રી બિંદુવાસીની ભરતભાઈ પટેલનું ૫૭ વર્ષની વયે તા. ૧૮-૧૨-૨૦૨૩ના રોજ સુરેન્દ્રનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના પ્રારંભકાળના પૂર્વ કાર્યકર શ્રી રજનીભાઈ મોદીનું ૯૯ વર્ષની વયે તા. ૨૫-૧૨-૨૦૨૩ ના રોજ મુંબઈ ખાતે અવસાન થયેલ છે.
- લોકભારતીના પૂર્વકાર્યકર શ્રી નાનાલાલભાઈ વંદ્રાનું ૮૫ વર્ષની વયે તા.૨૭-૧૨-૨૦૨૩ના રોજ તેમના વતન ખાતે અવસાન થયેલ છે.
- ગ્રામદક્ષિણામૂર્તિના પૂર્વકાર્યકર શ્રી સવિતાબહેન જયવંતસિંહજી જાડેજાનું ૮૬ વર્ષની વયે તા. ૧૭-૦૧-૨૦૨૪ના રોજ ભાવનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીની પૂર્વ વિદ્યાર્થીની અને સ્વદીપ સંસ્થાની સ્થાપક ટ્રસ્ટી શ્રી ફાલ્ગુનાબહેન કલ્યાણભાઈ ડાંગરનું ૪૫ વર્ષની વયે તા. ૨૦-૦૧-૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતી પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના સંનિષ્ઠ કાર્યકર શ્રી પીનાકીનભાઈ પંડ્યાનું ૫૮ વર્ષની વયે તા. ૨૭-૦૧-૨૦૨૪ના રોજ લોકભારતી ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

# રામકથા દરમિયાન યોજાયેલ શિક્ષણ સંગોષ્ઠિઓ








પૂજ્ય મોરારિબાપુની નિશ્રામાં અને કેન્દ્રીય મંત્રી મા.શ્રી મનસુખભાઈ માંડવિયાના પ્રમુખસ્થાને યોજાયેલ નઈ તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ સંગોષ્ઠિ




ગ્રામાભિમુખ સંશોધન અને નવીનીકરણ (રૂરલ ઇનોવેશન) સંદર્ભે યોજાયેલ સંગોષ્ઠિ





પ્રાકૃતિક કૃષિ અને કૃષિ પેદાશોના મૂલ્યસંવર્ધન સંદર્ભે યોજાયેલ સંગોષ્ઠિ

## રામકથાનો ભરોસો : સત્ય - પ્રેમ - કરુણા



શ્રી ભરતભાઈ ચાંદ્રાણી



શ્રી જયદેવભાઈ માંકડ



શ્રી ચીમનભાઈ વાઘેલા

## રામકથા દરમિયાન માનવ મહેરામણની ઊઠેલી સુનામી











# રામકથામાં પધારેલ સુજ્ઞ મહેમાનો












## રામકથામાં પધારેલ સુજ્ઞ મહેમાનો

















To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-